RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 131* Date: 01.03.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

# ગુજરાતમાં હવે બધી સ્કૂલોમાં ધોરણ ૧થી ૮માં ગુજરાતી ફરજિયાત

## ફરજીયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અંગેનું બિલ વિધાનસભામાં સર્વાનુંમતે પાસ, કોંગ્રેસ અને આપે પણ બિલને આપ્યો ટેકો



ગાંધીનગર,તા.૨૮

હવેથી જો તમારા બાળકોએ ગુજરાતમાં ભણવું હશે તો ફરજીયાત ગુજરાતી ભાષા ભણવી પડશે. ફરજીયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અંગેનું બિલ વિધાનસભામાં સર્વાનુમતી સાથે પાસ થયુ છે. કોંગ્રેસ અને છછઁ એ પણ ફરજીયાત ગુજરાતી શિક્ષણ બિલને ટેકો આપ્યો છે. ધોરણ ૧ થી ૮ ની શાળાઓએ ગુજરાતી વિષય ફરજીયાત ભણાવવાનો રહેશે. હવેથી કોઈપણ બોર્ડ હોય તમામ બોર્ડની શાળાઓમાં ગુજરાતી ભાષા ભણાવવું ફરજીયાત રહેશે. તો જે શાળામાં ગુજરાતી નહીં ભણાવવામાં આવે તેમની સામે કાર્યવાહી કરવા સુધીની જોગવાઇ આ બિલમાં કરવામાં આવી છે.

ગુજરાતની તમામ સ્કૂલોએ ગુજરાતી ફરજિયાત ભણાવવું પડશે. આજે ૨૮ ફેબ્રુઆરીએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ભાષા ફરજિયાત કરતું બિલ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ગૃહમાં બિલ રજૂ કર્યું છે. અત્યારે વિધાનસભામાં તેના પર ચર્ચા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ મુજબ ગુજરાતી ભાષા ફરજિયાત બિલમાં નિયમ ભંગ સામે કડક જોગવાઈ કરાઈ છે. રાજ્યમાં ધોરણ ૧થી ૮માં ગુજરાતી ભાષા ફરજિયાત કરવામાં આવશે.

આ બિલ બાબતે ગુજરાત વિધાનસભામાં સત્તાપક્ષ અને વિપક્ષના કુલ ૧૮ ધારાસભ્યએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.ગુજરાતી ભાષા બિલ બાબતે શિક્ષણ મંત્રી કુબેર ડિડોર જણાવ્યુ હતુ કે, નરેન્દ્ર મોદીના સમયમાં માતૃભાષા અભિયાન શરૂ કરવામાં આવ્યું. વાંચે ગુજરાત અભિયાન સમગ્ર રાજયમાં ચલાવવામાં આવ્યુ. અંગ્રેજી ભાષાના સ્કોપના વર્ગો શરૂ કરવામાં આવ્યા. હાઈકોર્ટના ચુકાદામાં સરકાર કાયદો લાવે તેવો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. ગુજરાત બહારના વિદ્યાર્થીઓને મુક્તિ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી ફરજિયાત છે. સમગ્ર દેશમાં થ્રિ ભાષા ફોર્મ્યૂલા અમલમાં છે. ગૃહના તમામ સાથીમિત્રો વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત કરી તેવી વિનંતિ છે. વિદ્યાર્થીઓ લોકબોલી અને ગુજરાતી ભાષા સાથે તાલમેળ થાય તે માટે સાહિત્યનું નિર્માણ આપણે કરેલું છે. રાજ્યમાં ૩૧ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાઓ છે.

કોગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે, હુ ધોરણ ૧૨ સુધી ગુજરાતી ભણ્યો છું. ત્યાર બાદ ઈંગ્લિશ ભાષા મારે શીખવી પડી છે. આજના યુગમાં વાલીઓ પોતાના બાળકોને અગ્રેજી માધ્યમ તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. પરંતુ બાળકો આજે ગુજરાતી ભાષા વાંચી શકતા નથી. ગુજરાતી ભાષાના વિકાસ વગર ગુજરાતનો વિકાસ શક્ય નથી. વિશ્વના ૨૫ અગ્રેસર લોકોમાં ગુજરાતી છે. અધિકારીઓ ગુજરાતી ભાષાનું પુરુતુ જ્ઞાન રાખવું જરૂરી છે.

ગુજરાતી ભાષા ફરજિયાત બાબતે કોગ્રેસ ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા જણાવ્યુ હતુ કે, સરકાર ગૃહમાં જે બિલ લાવી છે તેનું હુ સમર્થન કરુ છુ. દરેક ધારાસભ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા કમાન્ડ એન્ડ કંટ્રોલ રૃમની મુલાકાત લેવી જોઈએ. આ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૃમની મુલાકાત લીધી એટલે મને ખ્યાલ આવ્યો કે મારા જિલ્લાની તમામ શાળાઓ રેડ ઝોનમાં છે. મારા ગામની શાળાઓ પણ રેડ ઝોનમાં છે. શાળાઓને રેડ ઝોનમાંથી ગ્રીન ઝોનમાં લાવવા માટે સરકારનો સહકાર આપીશ. આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ કે, ગુજરાત પણ શિક્ષણ બાબતે દેશમાં ટોપ પાંચ રાજ્યમાં સમાવેશ થાય. ગુજરાતી ભાષાનું જતન કરવું આપણી જવાબદારી છે.

ધારાસભ્ય ધવલ ઝાલાએ જણાવ્યું હતું કે જે ભાષામાં લાગણીઓ વ્યક્ત કરવા માટે શબ્દો શોધવા પડતા નથી તે ભાષા એટલે ગુજરાતી. આપણે સૌ જાણીએ છીએ કે, માતૃભાષા ફરજિયાત ન હોત તો ગુજરાતી ભાષાની શુ દશા હોત. હાલની પેઢી મોટે ભાગે અગ્રેજી ભાષાનો ઉપયોગ કરે છે. આપણી રોજિંદી ભાષામાં પણ અગ્રેજીનો વધુ પડતો ઉપયોગ થઇ રહ્યો છે. આ ઉપરાંત મારી મુખ્યમંત્રીની વિનંતિ છે કે, ગ્રામિણ વિસ્તારમાં જે ગ્રાન્ટેડ સ્કૂલો બંધ થઇ છે તેમાં મોટે ભાગે ગુજરાતી માધ્યમની શાળાઓ છે. સરકારે રાજ્યમાં વધુમાં વધુ ગુજરાતી માધ્યમની શાળાઓ શરૃ કરવી જોઈએ જેથી આપણી ગુજરાતી ભાષા જીવંત રહે.

ગુજરાતી ભાષા બિલ બાબતે ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગા જણાવ્યુ હતુ કે, ગુજરાતી ઉચ્ચ સંસદિય પરંપરાને સ્થાપિત કરનાર રાજ્ય છે. સર્વોદયના સિદ્ધાંત કહે છે કે, સૌના ભલામાં આપણુ ભલુ છે. વિશ્વમાં ૫ હજાર જેટલી ભાષાઓ છે. દર બે અઠવાડિયે એક ભાષા લુપ્ત થતી જાય છે. આ બિલ ગુજરાતી ભાષાની સેવા માટે લાવવામાં આવ્યુ છે.

ગુજરાત બહાર ૧૮ લાખ લોકો ગુજરાતી ભાષા બોલે છે. વિદેશમાં મોટા પ્રમાણમાં ગુજરાતી ભાષા બોલાય છે. કચ્છમાં પણ ૧૯૭૧-૭૨માં હિજરત કરીને આવેલા લોકો પોતાની ભાષા બોલે છે. સિંધ અને થરપારકરની ભાષામાં લોકો બોલે છે. એ લોકો પણ પોતાની ભાષાનું જતન કરી રહ્યા છે.

જ્યારે કિરીટ પટેલે જણાવ્યું હતું કે વિશ્વમાં ૭ હજાર જેટલી ભાષાઓ છે.જેમાં ગુજરાતી ૨૬માં ક્રમે આવે છે. આપણુ બંધારણ બન્યુ ત્યારે કુલ ૧૪ જેટલી ભાષા હતી જેમાં ગુજરાતી ૫ નંબરની ભાષા હતી. ગાંધીજીએ હરિજનબંધુમાં લખ્યુ છે કે, ભાતૃભાષાની અનાદર એટલે માતાનું અનાદર. જાપાન અને જર્મની જેવા દેશમાં પોતાની માતૃભાષા ફરજિયાત કરવામાં આવી છે. જર્મન અને જાપાન માતૃભાષાનો વપરાશ હોવાથી આ દેશ ટેકનોલોજીમાં પણ આગળ છે. ગુજરાતમાં ગુજરાતી ભાષા બિલ લાવવાની જરૃર કેમ પડી એ ચિંતાનો વિષય છે. રાજ્ય સરકારે આડેધડ મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાત સરકાર ગુજરાતી ભાષા માટે બિલ લાવી છે પણ સરકારે ગુજરાતી ભાષાના સ્કોલર સ્ટાફ નથી. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૬૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બંધ થઈ છે.ગુજરાતી ભાષા બિલ બાબતે કોગ્રેસ ધારાસભ્ય સી.જે ચાવડા જણાવ્યુ હતુ કે, એક સમયે ગુજરાતી ભાષા બચાવવા ચળવળ ચલાનારના દિકરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ભણતા હતા. સ્વદેશી ચળવળ ચલાવનારા ઘરમાં ચાઈનિઝ ફર્નિચર હોય છે. સરકાર બિલ લાવી છે તેનું સમર્થન છે.

---

## મોદી સરકારના સમયમાં બેંકોમાં પૈસા જમા કરાવવા સુરક્ષિત નથી : મુખ્યમંત્રી હેમંત સોરેન

રાંચી,તા.૨૮

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના એક નિવેદનની વીડિયો સોશલ મીડિયા પર જબરજસ્ત વાયરલ થઇ રહ્યું છે.વીડિયોમાં હેમંત સોરેન લોકોને સરકારી બેંકોની વિરૂધ્ધ ભડકાવી રહ્યાં છે અને કહી રહ્યાં છે કે પૈસા જમીનમાં દાટી દો પરંતુ બેંકોમાં રાખશો નહીં

હેમંત સોરેને રામગઢમાં એક જાહેરસભાને સંબોધી રહ્યાં હતાં તેમનું આ નિવેદન ખુબ વાંધાજનક,લોકોને ભડકાવનારૂ અને બેંકો પ્રત્યે નફરત પેદા કરનારૂ છે.હેમંત સોરેને કહ્યું કે મોદી સરકારના સમય બેંકોમાં પૈસા જમા કરવા સુરક્ષિત નથી અર્થવ્યવસ્થા ખરાબ થઇ ગઇ છે અને કયારે કંઇ બેંક ડુબી જાય કંઇક શકાય નહીં

મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું કે આઝાદ ભારતમાં સૌથી મોટું કૌભાંડ મોદી સરકારના સમયમાં થયું છે.તેનાથી દેશની અર્થવ્યવસ્થા ખરાબ થઇ ગઇ છે અને બેંકો વાળાના હાથ પગ ધ્રુજી રહ્યાં છે.તેમણે કહ્યું કે મેં શરૂથી જ ગામ અને ગ્રામીણ વિસ્તારોના કિસાનો અને મજદુરોને કહ્યું છે કે તમે લોકો પોતાના પૈસા બેંકમાં રાખશો નહીં આજકાલ બેંક સતત ડુબી રહી છે જયારે ભાજપે સોરેનના નિવેદનને બિનજવાબદાર અને ભ્રષ્ટ્રાચાર માટે ઉશ્કેરણીજનકવાળુ નિવેદન બતાવ્યું છે.ઝારખંડ સરકારમાં સોરેનના સાથી કોંગ્રેસ પણ મોદી સરકારમાં દેશની અર્થવ્યવસ્થાની ખરાબ સ્થિતિની વાત કરી રહી છે.આ પહેલા સોરેને મોંધવારી અને બેરોજગારીને લઇ ભાજપ સરકાર પર કડક હુમલો કરતા કહ્યું હતું કે ભાજપે કયારેક મોંધવારીને ડાયન કહ્યું હતું પરંતુ હવે લાગે છે કે મોંધવારી ભાજપની ભૌજાઇ બની ગઇ છે.ચતરા જીલ્લામાં ખતિયાની જોહાર યાત્રા હેઠળ એક જાહેરસભાને સંબોધિત કરતા સોરેને આરોપ લગાવ્યો હતો કે ભાજપે ૨૦ વર્ષ સુધી ઝારખંડ પર શાસન કર્યું પરંતુ કોઇ પણ આદિવાસી મુખ્યમંત્રીને પોતાનો કાર્યકાળ પુરો કરવા દીધો નહીં અને જયારે એક અન્ય આદિવાસી હવે રાજયનું સુકાન સંભાળી રહ્યાં છે તો પાર્ટી તેમની સરકારને તોડવાનો પ્રયાસ કરી રહી છે.

---

## અનેક રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસથી ઝડપથી હવામાન બદલાયુ છે અને તાપમાન ૩૫ ડિગ્રી

### રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી બે દિવસ વાદળો છવાયેલા રહેવાના અને હળવા વરસાદનું અનુમાન

નવીદિલ્હી,તા.૨૮

ફેબ્રુઆરી મહિનો પૂરો થવાને આરે છે અને લોકોએ કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસથી ઝડપથી હવામાન બદલાયુ છે અને કેટલાક રાજ્યોમાં તો તાપમાન ૩૫ ડિગ્રીની આજુબાજુ નોંધાયું છે. ભારત હવામાન વિભાગ મુજબ ગરમી રહેશે અને અનેક રાજયોમાં તાપમાન ૩૫ ડિગ્રીની ઉપર પહોંચી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ તેલંગણા, આંધ્ર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં લોકોને ભીષણ ગરમીનો સામનો કરવો પડી શકે છે અને તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર જઈ શકે છે. આ ઉપરાંત રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ મોટાભાગના રાજ્યોમાં તાપમાન સામાન્યથી લગભગ ૪-૫ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે.

દેશની રાજધાની દિલ્હીમાં આંશિક રીતે વાદળો છવાયેલા રહે તેવું અનુમાન છે. પરંતુ ગરમીથી રાહત નહીં મળે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ આજે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન લગભગ ૧૩ ડિગ્રી સેલ્સિયસની આજુબાજુ રહે તેવું અનુમાન છે. અત્રે જણાવવાનું કે આ અગાઉ સોમવારે દિલ્હીમાં વધુમાં વધુ તાપમાન સામાન્યથી સાત ડિગ્રી વધુ ૩૨.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. જયારે ન્યૂનતમ તાપમાન સામાન્યથી બે ડિગ્રી વધુ ૧૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. આ દરમિયાન ભેજનું પ્રમાણ ૯૪ ટકા જેટલું રહ્યું.

રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી બે દિવસ વાદળો છવાયેલા રહેવાના અને હળવા વરસાદનું અનુમાન છે. જયપુર સ્થિત હવામાન કેન્દ્રના જણાવ્યાં મુજબ એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવથી ૨૮ ફેબ્રુઆરી અને એક માર્ચના રોજ ઉત્તર-પશ્ચિમી રાજસ્થાનના ગંગાનગર, હનુમાનગઢ, બીકાનેર, ચુરુ તથા આસપાસના જિલ્લાઓમાં વાદળો છવાયેલા રહેવાની અને મેઘગર્જના સાથે છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન પૂર્વાનુમાન એજન્સી સ્કાયમેટના જણાવ્યાં મુજબ લદાખ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ ઉપરાંત ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં હળવો વરસાદ પડી શકે છે. આ ઉપરાંત અસમ, જમ્મુ સિક્કિમ અને આંદમાન નિકોબારમાં પણ હળવા વરસાદની શક્યતા છે. સ્કાયમેટે પંજાબ, ઉત્તર હરિયાણા અને દક્ષિણ તમિલનાડુના કેટલાક ભાગોમાં ગર્જના સાથે હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. જ્યારે ૨ માર્ચ સુધીમાં પશ્ચિમી હિમાલય પર વરસાદ સાથે બરફવર્ષા થઈ શકે છે.

---

## જમીનના બદલે નોકરી મામલે લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને ૧૪ અન્ય વિરુદ્ધ સમન પાઠવ્યુ

નવીદિલ્હી,તા.૨૮

જમીનના બદલે નૌકરીના મામલે બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને ફરી મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હીમાં રાઉજ એવેન્યુ કોર્ટે લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને ૧૪ અન્ય વિરુદ્ધ સમન પાઠવ્યુ છે. તેમની સામે સીબીઆઇ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જસીટ પર બાદ કોર્ટે આરોપીઓ વ્યક્તિઓને ૧૫ માર્ચ માટે સમન પાઠવ્યુ છે.

તેમજ બીજી તરફ આ પહેલા સીબીઆઇના લાલુ પ્રસાદ યાદવ વિરુદ્ધ કેસ ચલાવવાની મંજુરી મળી ગઇ છે. આ મામલે સીબીઆઇએ કેન્દ્ર સરકાર પાસે કેસ ચલાવવાની મંજુરી માંગી હતી. તો ૧૫ વર્ષ જુના કેસમાં આ મામલે સીબીઆઇએ ઓક્ટોબર ૨૦૨૨ માં લાલુ પ્રસાદ યાદવ અને તેની પત્ની રાબડી દેવી અને અન્ય ૧૪ લોકો વિરુદ્ધ આરોપ દાખલ કર્યો હતો. આ મામલો લાલુ પ્રસાદ યાદવ જયારે રેલ મંત્રી હતા (૨૦૦૪-૨૦૦૯) ના કાર્યકાળ દરમિયાન અનિયમિતતાઓના આરોપ સંબંધિત છે. આરોપ છે કે, લાલુ પ્રસાદ યાદવે રેલ મંત્રી તરીકે જમીનના બદલે નોકરી લગાવવા માટે પ્લોટ લેવામાં આવ્યા હતા. આ મામલે સીબીઆઇએ મે મહિનામાં તપાસ બાદ કેસ દાખલ કર્યો હતો. અને આ મામલે લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની અને દિકરી સહિત અન્ય લોકોને આરોપી બનાવ્યા હતા. સીબીઆઇએ મે મહિનામાં દિલ્હી અને બિહારમાં લાલુ પ્રસાદ યાદવ એ તેના પરિવારના સભ્યો માટે ૧૭ ઠેકાણી રેડ કરી હતી. સીબીઆઇએ જુલાઇમાં ભોલા યાદવની ધરપકડ કરી હતી. જે કથીત રીતે જમીના બદલે નોકરી મામલે લાલુ પ્રસાદ યાદવ રેલ મંત્રી હતા કથિત લેડવડ થઇ હતી. ભોલા યાદવ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી લાલુ યાદવના ઓએસડી રહ્યો હતો. લાલુ યાદવ ત્યારે કેન્દ્રીય રેલ મંત્રી હતા. ત્યાર રેલવેમાં ભરતી ગોટાળો થયો હતો. કથિત રીતે ભોલા યાદવ જ ગોટાળાનો મુખ્ય સુત્રધાર છે.

---

## વડાપ્રધાન મોદીના ભાઈ પ્રહલાદ મોદીને અચાનક હોસ્પિટલમાં દાખલ!

ચેન્નાઇ,તા.૨૮

મોદીના ભાઈ પ્રહલાદ મોદી કિડની સંબંધિત સારવાર હેઠળ ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. કિડની સંબંધિત બિમારી બાદ તેમને અહીં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે પ્રહલાદ મોદી વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતા નાના છે અને ૫ ભાઈ-બહેનોમાં ચોથા નંબરે છે. અમદાવાદમાં તેમની કરિયાણાની દુકાન અને ટાયરનો એક શોરૂમ પણ છે.પ્રહલાદ મોદી પીએમ નરેન્દ્ર મોદી કરતા નાના છે. ૫ ભાઈ-બહેનોમાં તે ચોથા નંબરે છે. તેઓ પીએમ મોદી કરતા ૨ વર્ષ નાના છે. પ્રહલાદ મોદીની અમદાવાદમાં કરિયાણાની દુકાન છે અને તેમનો ટાયરનો શોરૂમ પણ છે. આ પહેલા પ્રહલાદ મોદી ૨૦૧૮માં ચર્ચામાં આવ્યા હતા. ત્યારે ગુજરાત ફેર પ્રાઈસ શોપ અને કેરોસીન લાયસન્સ ધારકનો ગ્રાહકો સાથેનો વિવાદ ઉકેલાઈ રહ્યો ન હતો, જેના કારણે પ્રહલાદ મોદીએ હડતાળની જાહેરાત કરી હતી. તે સમયે તેઓ ગુજરાત ફેર પ્રાઈસ શોપ ઓનર્સના પ્રમુખ હતા. પીએમ મોદીના ૫ ભાઈ-બહેન છે. તેને એક બહેન અને ૪ ભાઈઓ છે. સોમા મોદી, અમૃત મોદી, નરેન્દ્ર મોદી, પ્રહલાદ મોદી, પંકજ મોદી અને એક બહેન વાસંતી મોદી. પીએમના મોટા ભાઈનું નામ સોમા મોદી છે. તેઓ આરોગ્ય વિભાગમાંથી નિવૃત્ત થયા છે અને અમદાવાદમાં વૃદ્ધાશ્રમ ચલાવે છે.

---

## આ વર્ષ અત્યાર સુધી ૧.૨ લાખ લોકો બેરોજગાર થયા

નવીદિલ્હી,તા.૨૮

વર્ષ ૨૦૨૩ ટેક કર્મચારીઓ માટે સૌથી ખરાબ વર્ષ સાબિત થનાર છે માત્ર બે મહીનામાં ૪૧૭ કંપનીઓએ વૈશ્વિક સ્તર ઉપર ૧.૨ લાખથી વધુ કર્મચારીઓની છંટણી કરી દીધી છે છંટણી ટ્રેકિંગ સાઇટ લેઓફસ એફવાઇઆઇના આંકડા અનુસાર ૧,૦૪૬ ટેક કંપનીઓ (બિગ ટેકથી લઇ સ્ટાર્ટઅપ્સ સુધી)એ ૨૦૨૨માં ૧.૬૧ લાખથી વધુ કર્મચારીઓની છંટણી કરી ફકત જાન્યુઆરીમાં વૈશ્વિક સ્તર પર લગભગ ૧ લાખ ટેક કર્મચારીઓએ નોકરી ગુમાવી દીધી જેમાં અમેજન માઇક્રોસોફ્ટ ગુગલ સેલ્સફોર્સ જેવી કંપનીઓ સામેલ છે.

કુલ મળી લગભગ ૩ લાખ ટેક કર્મચારીઓએ અત્યાર સુધી ૨૦૨૨માં અને આ વર્ષ જાન્યુઆરી સુધી નોકરી ગુમાવી દીધી છે.જેમ જેમ વધુમાં વધુ મોટી ટેક કંપનીઓ કર્મચારીઓને બરતરફ કરવાનું જારી રાખે છે તેમણે આ પગલાની પાછળ વિવિધ કારણો ઓવર હાયરિંગ અનિશ્ચિકત વૈશ્વિક મેક્રોઇકોનોમિક સ્થિતિઓ કોવિડ ૧૯ મહામારીથી મજબુત ટેલવિંડ્સનો હવાલો આપ્યો છે.મેટાએ કહેવાતી રીતે પ્રદર્શન સમીક્ષાનો એક નવો તબક્કામાં હજારો કર્મચારીઓને સબ પાસ રેટિંગ આપી છે.જેથી કંપનીમાં વધુ છંટણી માટે મંચ તૈયાર થઇ ગયો છે.સ્વીડિશ ટેલીકોમ ગિયર નિર્માતા એરિકસન ચાલી રહેલ વૈશ્વિક વ્યાપક આર્થિક સ્થિતિઓમાં ખર્ચમાં કાપ કરવા માટે પોતાની લગભગ ૮ ટકા કાર્યબળ,લગભગ ૮,૫૦૦ કર્મચારીઓની છંટણી કરી રહ્યાં છે ગ્લોબલ કંસલ્ટિંગ ફર્મ મેકિન્સે એન્ડ કંપની કહેવાતી રીતે સૌથી મોટી છંટણીમાંથી એકમાં લગભગ ૨,૦૦૦ નોકરીઓને ખત્મ કરવાની યોજના બનાવી રહી છે એક અન્ય મુખ્ય કંસલ્ટિંગ ફર્મ કેપીએમજી પોતાના બે ટકા કાર્યદળની છંટણી કરી રહી છે જે પોતાના પરામર્શ વ્યવસાયમાં તેજી મંદીનું કારણ અમેરિકામાં લગભગ ૭૦૦ કર્મચારીઓને પ્રભાવિત કરશે.કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રદાતા ડિઝિટલ ઓશન પોતાના કર્મચારીઓએ લગભગ ૧૧ ટકા કે લગભગ ૨૦૦ કર્મચારીઓની છંટણી કરી રહ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# નવા વિચારનો અભાવ

કોંગ્રેસના રાયપુર અધિવેશનમાં સોનિયા ગાંધીએ મોદી સરકારની ટીકા કરતાં જે કંઈ કહ્યું, એ બધું એ જ છે, જે તેઓ પહેલાં પણ કેટલીય વાર કહી ચૂક્યાં છે. તેમણે પોતાનો એ જૂનો આરોપ તો દોહરાવ્યો જ કે ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે દેશની દરેક સંસ્થા પર કબ્જો કરીને તેને બરબાદ કરી દીધી છે, એ પણ ફરીથી રેખાંકિત કર્યું કે વિપક્ષના અવાજને દબાવવામાં આવી રહ્યો છે. તેમનો એ આરોપ પણ નવો નથી કે લઘુમતીઓ, દલિતો, આદિવાસીઓ અને મહિલાઓને નિશાન બનાવામાં આવી રહ્યા છે. સોનિયા ગાંધીના કથનથી જો કંઈ સ્પષ્ટ થયું હોય તો એ જ કે તેમની પાસે કોઈ નવા વિચાર નથી. સમસ્યા એ નથી કે સોનિયા ગાંધી આટલા મહત્ત્વપૂર્ણ અવસર પર કોઈ નવી વાત ન કહી શક્યાં, સમસ્યા એ પણ છે કે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ તેમની જેમ જ એ જ ચવાયેલી વાતો કરી, જે તેઓ પહેલાં પણ કહેતા આવ્યા છે. તેમણે મોદી સરકાર પર દેશને તોડવાનું ષડયંત્ર રચવાના આરોપ લગાવ્યા અને એ દાવો કર્યો કે આ સરકારમાં બેઠેલા લોકોનું ડીએનએ જ ગરીબ વિરોધી છે. તેમનું માનીએ તો દેશના લોકતંત્રને તોડવાનું ષડયંત્ર રચવામાં આવે છે. તેમણે તેના વિરુદ્ઘ આંદોલન કરવાની પણ જરૂરિયાત વ્યક્ત કરી. એ કોઈથી છૂપું નથી કે રાહુલ ગાંધી પણ આ જ પ્રકારનાં ભાષણ આપતા રહે છે. પોતાની ભારત જોડો યાત્રા દરમ્યાન તેમણે કદાચ જ કોઈ નવી વાત કહી હોય. એકંદરે કોંગ્રેસના ટોચના નેતાઓ એના પર જ ભાર મૂકતા રહે છે કે મોદી સરકારને કારણે દેશ ખાડામાં જઈ રહ્યો છે. આ પ્રકારના સૂર છેલ્લા આઠ વર્ષથી સંભળાઈ રહ્યા છે અને બધા જાણે છે કે આ અવધિમાં કોંગ્રેસ રાજકીય રૂપે સૌથી વધુ કમજોર થઈ છે.

યોગ્ય એ રહેશે કે કોંગ્રેસ નેતૃત્વ એ સમજે કે તે ઘસાયેલા-ચવાયેલા આરોપોથી ના તો દેશની જનતાનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરી શકે છે કે ના પોતાના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો સંચાર કરી શકે છે. કોંગ્રેસ નેતૃત્વ પાસે કોઈ નવો વિચાર નથી, તેથી તે એવો કોઈ એજન્ડા પણ રજૂ નથી કરી શકતી, જેને વૈકલ્પિક એજન્ડાની સંજ્ઞા આપી શકાય. એક સમસ્યા એ પણ છે કે કોંગ્રેસ વૈચારિક રૂપે વામપંથી વિચારધારાથી ગ્રસ્ત થતી જાય છે. તેઓ ઉદ્યમીઓને ભાંડીને માત્ર તેમને જ નિશાના પર નથી લેતી, પરંતુ ઉદ્યમશીલતા પર પણ આઘાત કરે છે. જે કોંગ્રેસના સમયે દેશ આર્થિક ઉદારીકરણ તરફ આગળ વધ્યો, તેના જ નેતા આજે તેના પર ભાર મૂકતા દેખાય છે કે બધું જ સરકારે જ કરવું જોઈએ. કદાચ આ જ કારણ તેઓ ખાનગીકરણના વિરોધી બની ગયા છે. જો કોંગ્રેસે પોતાનું ભલું કરવું હશે તો તેણે પોતાની એ માનસિકતાનો પણ ત્યાગ કરવો પડશે કે દેશની જનતાએ ભાજપને કેન્દ્રની સત્તા સોંપીને કોઈ ભૂલ કરી દીધી છે.

## બજેટ અધિવેશનમાં ૪ મહિનાનું શિશુ લઈને ધારાસભ્યે હાજરી આપી



મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્રના બજેટ અધિવેશનમાં એન.સી.પી.ના ધારાસભ્ય સરોજ અહિરે પોતાના ચાર મહિનાનું બાળકને લઈને વિધાન ભવનમાં આવ્યા હતા. પરંતુ બાળકોને રાખવા માટે કરાયેલા હિરકણી કક્ષમાં આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી નારાજગી વ્યક્ત કરી હતી. અહીં કક્ષમાં ધૂળ હતી.મારા બિમાર બાળકને મૂરકી શકાય એવી પરિસ્થિતિ નથી. સરકારે જરા પણ વ્યવસ્થા કરી નથી. હું નતદાર ક્ષેત્રની સમસ્યાઓને વાચા આપવા અને નિરાકરણ લાવવા વિધાનભવનમાં મારા શિશુ સામે આવી હોવાનું કહીને તે ચોધાર આંસુએ રડી પડી હતી.આઠ દિવસ પહેલાં વિધાનસભાના અધ્યક્ષ મળ્યા ન હતા મુખ્ય સચિવને હિરકણી કક્ષની વ્યવસ્થા કરવા પત્ર આપ્યો હતો, એમ ધારાસભ્ય સરોજ આહિરે જણાવ્યું હતું.

આજે હુ મારા ચાર મહિનાના શિશુ સાથે વિધાનભવનમાં આવી છું પરંતુ અહીં કક્ષમાં કોઈપણ પ્રકારની વ્યવસ્થા નથી. મોટા પ્રમાણમાં દૂળ છે. આવી પરિસ્થિતિમાં શિશુ બિમાર પડી શકે છે. આથી તેમણે સરકારની ટીકા સુદ્ધાં કરી હતી.માતાનું પ્રથમ કર્તવ્ય ફક્ત શિશું સાથે રહેવું જોઈએ. પરંતુ સિક્કાની બે બાજુ છે. એક તરફ માતા અને બીજી તરફ ધારસભ્ય છે અને મારા મતદાર ક્ષેત્રના પ્રશ્નો રજૂ કરવા આવી હતી. પરંતુ ઉચિત વ્યવસ્થા ન હોવાથી મારે પાછું જવું પડે છે.મુખ્યપ્રધાન એકનાથ શિંદે તતા આરોગ્ય પ્રદાન તાનાજી સાવંતે રાજ્યમાં આવેલા તમામ કાર્યાલયમાં મહિલા માટે વ્યવસ્થા કરવી જોઈએ. એવી માગણી સરોજ આહિરે કરી હતી.દરમિયાન નાગપુરમાં શિયાળુ અધિવેશનમાં પણ ધારાસભ્ય સરોજ અહિર શિશુન લઈને આવ્યા હતા ત્યારે ત્યાં હિરકણી કક્ષની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જઉં છું
કોણ જાણે કોણ પ્રહાર કરે છે?
અંદરને અંદર કપાતો જઉં છું!
દિવસે હોય છે, રાતે કયાં હોય?
પડછાયા પાછળ લપાતો જઉં છું.
ભૂરા આસમાન જેવો અનંત છું,
તમારા ગજથી મપાતો જઉં છું!!
ખુશીના ફૂલનો બારમાસી છોડ છું,
તમારા દિલમાં રોપાતો જઉં છું
જન્મ-મરણની યાત્રા ક્યારે અટકે?
ભવાટવીના ભરમમાં ચંપાતો જઉં છું!!
ભરત વૈષ્ણવ
૧.૩.૨૦૨૨.

# ઝવેરચંદ મેઘાણીએ આ પંક્તિ યુક્રેન માટે લખી હશે!!

રાષ્ટ્રપ્રેમ એટલે દેશ માટેનો આદર, પ્રેમ, કશુંક કરી છૂટવાની, ન્યોછાવર , ફના થઇ જવાની ભાવના. જેમાં ત્યાગ, સમર્પણ, બલિદાન આપવાની તત્પરતા હોવી જોઇએ. જેના નામમાત્રથી શરીરનું રોમેરોમ પુલકિત થાય, જેના માટે આંખમાં લોહીના ટશિયા ફૂટે કે આંખમાં અંગારા સળગે, દુશ્મનોના શીરકલમ કરવાની તમન્ના હોય! દૂધમલિયા ખુદીરામ બોઝ, ભગતસિંહ મગનલાલ ઢીંગરા જેવા અનેકાનેક સપૂતોએ પક્ષનો વિલંબ કર્યા વિના સાપ કાંચળી ઉતારે તેમ માભોમ માટે શહીદી વ્હોરી લીધેલી.આવા સપૂતો પ્રાંતઃ સ્મરણીય, પરમશ્રધ્ધેય અને પુણ્યશ્લોક છે!! એની સરખામણીએ આપણો રાષ્ટ્રપ્રેમ તકલાદી છે એમ કહું તો પ્લીલીઈઈઝ ગુસ્સે થઇ રાષ્ટ્રદ્રોહીનું લેબલ ચિપકાવતા નહીં કે માનહાનિનો મુકદ્દમો ઠોકતા નહીં. તમે હૃદય પર હાથ મુકીને કહો કે કદી લશ્કરમાં જોડાઇ રણમોરચે દુશ્મનોના દાંત ખાટા કરવાની સજ્જતા ખરી?

૧૫ મી ઓગષ્ટ કે ૨૬ મી જાન્યુઆરીએ કાર કે બાઇક પર પ્લાસ્ટિકનો રાષ્ટ્રધ્વજ લગાડવા રે ચહેરા પર રંગથી રાષ્ટ્રધ્વજ

ચિતરવામાં રાષ્ટ્રધર્મની ઇતિશ્રી થઇ જાય! રંગ દે બસંતી ચૌલા, અય મેરે વતનને લોગો,દે દી હમે આઝાદી બિના ખડગઢાલ, આઇ લવ માય ઇન્ડિયા જેવા ગીતો ગાવાથી રાષ્ટ્રપ્રેમ સમાપ્ત થઇ જાય!! પછી આવતા વરસે માળિયા પર ચડેલ રાષ્ટ્રપ્રેમને ધૂળ ખંખેરી વાપરી લેવાનો?? બીજે દિવસે ઝંડાની દુર્દશા જોઇ જાડી ચામડીના હદયમાં ચરચરાટ કયાં થાય છે??આપણો રાષ્ટ્રપ્રેમ સોડાવોટરના ઉભરા જેવો ક્ષણજીવી છે!!!

આપણે ધંધો વ્યવસાય રોજગાર કરીએ ત્યારે પાંચ પૈસાનો ફાયદો જોઇએ છીએ, દેશનું જે થવું હોય તે થાય મારું તરભાણું પેલાં ગોરની જેમ ભરાવું જોઇએ. ઉંચી કિંમત લઇને ચાઇનીઝ માલ ઠઠાડીએ છીએ. કેમ? વંદેમાતરમ બોલી જે ખેલ ખેલવાનો હોય તે ખેલો!!!

આપણા દેશમાં જે કોઇ ગફલા, કૌભાંડ રે સ્કેમ થયા તે આપણા જ લોકોએ કર્યા છે, રમખાણો કરવા બહારના દેશના લોકો આવ્યા નથી યત્ર નાર્યસ્તુ પૂજયન્તે તત્રાઃ રમન્તે દેવતાઃ પોપટની જેમ રટીને નારી વિરૂધ્ધના ગુના, અત્યાચારો, શોષણ, અસમાનતા આચરવા કોઇ યુરોપથી આવ્યું નથી!!

ઇઝરાયેલ જેવો ટચુકડો દેશ ડાઘિયા કૂતરા જેવા દેશ વચ્ચે ઘેરાયેલ છે. માત્ર અને માત્ર શુધ્ધ, અણિશુદ્ધ ,પરિશુધ્ધ, વિશુદ્ધ ( ભાઇ કોઇ સિંગતેલની જાહેરાત નથી!!) ધધકતા, ભભૂકતા ,જવાળામુખી જેવા રાષ્ટ્રો સામે ઉન્નત મસ્તકે લડી રહ્યું છે. જતાં તમામ નાગરિકો માટે મિલિટરી તાલીમ ફરજિયાત છે!! આપણે ત્યાં ?? વિસ્તારવાની નીતિને વરેલા રશિયાએ તેના સાથી એવા ટચુકડા યુક્રેન પર હુમલો કર્યો. કીડી પર કટક જેવો ઘાટ થયો!! રશિયાને એમ કે મગતરા જેવા યુક્રેનને ઘડીના છઠ્ઠા ભાગમાં રગદોળી નાંખીશું!

અફઘાનિસ્તાન પર તાલિબાને હુમલો કર્યો ત્યારે અફઘાન પ્રમુખ અબ્દુલ ગની ડંફાસ મારતા હતા અને પછી ગરીબ ગાય જેવી પ્રજાને તાલિબાન જેવા કસાઈના હવાલે સોરી દીધી. ઈરાકના સદામ હુસેન પણ અમેરિકા સામે ઘૂંટણ ટેકવી દીધા હતા . તેની સામે યુર્કેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ બહાદુરીથી ઝીંક ઝીલી છે. તેને અને તેના પરિવારને અમેરિકાએ સેફ પેકેજ ઓફર કર્યો, ઝેલેન્સ્કીએ વટકે સાથ ઠુકરાવી દીધી.યુક્રેનના નાગરિકોને હથિયાર રાખવાની છૂટ આપી. જેને હથિયાર ચલાવતા આવડતું હોય તેમને લડવા માટે આહવાન આપ્યું!!

પૂર્વ મિસ યુક્રેન અનાસ્તાસિયા લેના, જે સ્વયંસેવકોમાંની એક છે, તેણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સેના સામે લડવા માટે હથિયાર ઉપાડ્યા છે. તે કિવમાં ભરતી કેન્દ્રો પર શસ્ત્રો જારી કરવાની રાહ જોઈને નાગરિકોની 'લાંબી કતારો' સાથે છે. ૨૦૧૫ માં મિસ યુક્રેન સ્પર્ધા જીતનાર લેનાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો એક ફોટો પોસ્ટ કરીને જાહેરાત કરી હતી કે તે રશિયન સૈનિકો સામેના પ્રતિકારમાં જોડાઈ છે. લેના તુર્કીમાં પબ્લિક રિલેશન મેનેજર તરીકે કામ કરે છે. તેણે બે હેશટેગ સાથે એક તસવીર પોસ્ટ કરી અને લખ્યું - 'યુક્રેનની સાથે ઉભા રહો અને યુક્રેનમાંથી હટી જાઓ.આપણે ત્યાં મિસ યુનિવર્સ કે મિસ વર્લ્ડ માટે આવી કલ્પના પણ કરી શકીએ? એમન વાત તો જવા દો મિસ તળાજા કે મિસ ડાંગ કે મિસ ધોલેરા લિપસ્ટીકના લશ્કર સાથે લડતી હોય!! નાઝોનખરામાંથી ઉંચી આવે તો સરહદે લડવા જાયને!!

ક્રેનની રાજધાની કીવ પર અત્યારે રશિયન સૈનિકો ઘેરો ઘાલી રહ્યા છે. રશિયાન સૈનિકો સામે બાથ ભીડવા માટે યુક્રેનના સામાન્ય નાગરિકો પણ સામે આવી રહ્યાં છે યુક્રેનના ઘણાં તબીબો, આર્કિટેક્ટ, સંગીતકારો અને જાદુગર સહિતના વ્યાવસાયિકો પણ હથિયાર લઇ રસ્તાઓ પર ઉતર્યા છે અને રશિયન સૈનિકોનો સામનો કરી રહ્યા છે.દિવ્યાંગો પણ લડી રહ્યા છે. હું ભાગવા માંગતી નથી, પરંતુ હું મારી ધરતી પર રશિયન સૈનિકો સાથે લડવા માંગુ છું. યુક્રેનની તમામ મહિલાઓ અત્યારે કહી રહી છે કે જો તેઓ રસોઇ કરી શકે છે, તો તેમના માટે પણ આ એ જ રીત છે. હાલમાં, ૧૮ થી ૬૦ વર્ષની વયના નાગરિકો યુક્રેનમાં લડવા માટે તૈયાર થઈ રહ્યા છે.સેનાને પ્રોત્સાહિત કરવા રાજકારણીઓ પણ સામાન્ય લોકો સાથે શસ્ત્રો ઉપાડી રહ્યા છે. યુક્રેનની સંસદના સૌથી યુવા સાંસદ સ્વિયાતોસ્લાવ યુરાશે (જીદ્રૈર્કજ્ઞક્ષ્દૃ ફ્રેઢ્ઢિજર) પણ હથિયાર ઉપાડ્યા છે. ૨૬ વર્ષીય સાંસદ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના સલાહકાર પણ છે. તેઓ હાથમાં છદ્ભ૪૭ લઈને કિવની શેરીઓમાં ફરી રહ્યાં છે. છેલ્લા બે વર્ષમાં તેમણે પોતાની પાર્ટીના સભ્યો માટે હથિયારોની વ્યવસ્થા કરી દીધી છે અને હવે તે તેની સુરક્ષા માટે કિવમાં ઉભા છે. અન્ય એક મહિલા સાંસદ ઈન્ના સોવસાને પણ રાજધાનીમાં રહેવાનું પસંદ કર્યું છે અને તે પણ હથિયારો સાથે હાજર છે. જોકે તે હજુ પણ તેને ચલાવવાનું શીખી રહી છે. . આ દરમિયાન ત્યાંની મહિલા સાંસદ કિરા રુદિક (દ્ભૈિટ્ઠ ઇૈંઙ્ઘૈક)ની એક તસવીર ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહી છે. યુક્રેનના પુરુષોની જેમ મહિલાઓ પણ દેશની માટીની રક્ષા કરશે તેમ તેણે કહ્યું છે.


અને આપણા નેતાઓ?પાવડા,જેસીબીથી રૂપિયા ઉસેડવામાં પડયા છે.ઈલેકશન મોડ પર એકમેક પર કાદવકીચડ ઉછાળામાં રમમાણ છે!!!

ખબર નથી પણ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ "ઘટમાં ઘોડા થનગને ને આત્મ વીંઝે પાંખ, વણખેડાયેલી ભોમ પર યોવન માંડે આંખ" યુક્રેનને ઉદેશીને લખી હશે!!ચકરડુંઃ કોરોનાના કહેર, યુક્રેન પર રશિયા હુમલો કરતાં પણ વધારે દસ રિચર સ્કેલનો આંચકો દૂધના ભાવમાં વધારાથી અનુભવાયો છે!!

ભરત વૈષ્ણવ.....૧.૩.૨૦૨૨.

# "સૌનો સાથ, સૌનો પ્રયાસ " વડે "પૃથ્વી પર નાં તમામ જીવો નું સંરક્ષણ નો સંકલ્પ કરીએ"

તા. ૩ માર્ચ વિશ્વ વન્યજીવ દિવસ" તથા તા.૪ માર્ચ "રાષ્ટ્રીય સુરક્ષા દિવસ" નાં અનુસંધાને "સૌનો સાથ, સૌનો પ્રયાસ " વડે "પૃથ્વી પર નાં તમામ જીવો નું સંરક્ષણ નો સંકલ્પ કરીએ" અને મનપસંદ વન્ય જીવ નું ચિત્ર દોરી, તે વન્ય જીવ નાં રક્ષણ માટે મારાં સંકલ્પ નો વિડીયો બનાવી ભાગ લેવાં બાબતે..




ઉપરોક્ત વિષય નાં અનુસંધાને "ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજરાત સરકાર ) ગાંધીનગર" દ્વારાં માન્ય "આર્ય ભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર ,ધી વી.સી. ટેક. હાઈસ્કૂલ મોરબી દ્વારાં તા. ૩ માર્ચ "વિશ્વ વન્ય જીવ દિવસ" તા. ૪ માર્ચ "રાષ્ટ્રીય સુરક્ષા દિવસ" "સૌનાં સાથ સૌનાં પ્રયાસ" વડે "આપણે પૃથ્વી પર નાં તમામ જીવો નાં સંરક્ષણ એટલે કે જાળવણી નો સંકલ્પ કરીએ નાં અનુસંધાને ડ્રોઈંગ સીટ માં મનપસંદ વન્ય જીવ નું ચિત્ર દોરી તેનાં રક્ષણ માટે આપનાં સંકલ્પ નો વિડીયો બનાવી મોકલી આપો

કેટેગરી :-૧:- (ધો-૧,૨,૩,૪)

"મનપસંદ વન્યજીવ નું ચિત્ર દોરી, તે વન્યજીવ ની સુરક્ષા માટે સંકલ્પ નો ૧ થી ૨ મીનીટ નો વિડીયો બનાવી મોકલો"

કેટેગરીઃ-૨ ધોઃ-૫,૬,૭,૮

મનપસંદ વન્યજીવ નું ચિત્ર દોરી તે વન્યજીવ ની સુરક્ષા માટે સંકલ્પ નો ૨ મિનીટ નો વિડીયો બનાવી મોકલો

કેટેગરી :-૩ (ધો-૯,૧૦,૧૧,૧૨)

મનપસંદ વન્ય જીવ નું ચિત્ર દોરી, તે વન્યજીવ ની સુરક્ષા માટે સંકલ્પ નો ૨ થી ૩ મિનીટ નો વિડીયો બનાવી મોકલો

કેટેગરી :- ૪ - કૉલેજ સ્ટુડન્ટ,શિક્ષક મિત્રો તથા વાલીઓ )

મનપસંદ વન્યજીવ નું ચિત્ર દોરી તે વન્યજીવ ની સુરક્ષા માટે નાં સંકલ્પ નો ૩ મીનીટ નો વિડીયો બનાવી મોકલો.

ઉપરોક્ત સ્પર્ધા માં મનપસંદ વન્યજીવ નું ચિત્ર દોરી તે દોરેલ વન્ય જીવ નાં રક્ષણ અંગે મારાં સંકલ્પ નો વિડીયો બનાવી "ઘરે બેઠાં" તાઃ- ૪ /૩ / ૨૦૨૩ રાતે ૯=૦૦ સુધી માં નીચેનાં આપેલ ગમે તે એક વૉટસપ નંબર પર મોકલી આપો..

એલ.એમ.ભટ્ટ ૯૮૨૪૯ ૧૨૨૩૦ દિપેનભાઈ ભટ્ટ ૯૭૨૭૯ ૮૬૩૮૬

આ સ્પર્ધા અંગે આપનાં મિત્ર-સર્કલ કે અન્ય ગૃપ માં જરૂર જાણ કરશો

આવો "સૌ નાં સાથ, સૌ નાં પ્રયાસ" વડે વન ની અમુલ્ય વનસ્પતિઓ અને વન્ય જીવો ની રક્ષણ (જાળવણી) કરવા નો સંકલ્પ કરીએ". આભારસહ ધન્યવાદ

એલ.એમ.ભટ્ટ / દિપેનભાઈ ભટ્ટ

"ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રેરિત "

"આર્ય ભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર ,ધી વી.સી.ટેક. હાઈસ્કૂલ રૂમ નં ૨૦૨ મોરબી

# હવે એક જ વારમાં વન રેંક વન પેન્શનના સંપૂર્ણ લેણાં ચૂકવાશે

નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે સશસ્ત્ર દળોના પાત્ર પેન્શનરોને 'વન રેન્ક વન પેન્શન' ની બાકી રકમ અંગે કેન્દ્ર સરકાર સામે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટે આ મામલે રક્ષા મંત્રાલયના સચિવ પાસેથી પણ સ્પષ્ટતા માંગી છે. જે બાદ હવે સરકાર પણ એક્શનમાં આવી છે અને વન રેન્ક વન પેન્શનની બાકી રકમ એક જ વારમાં મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે.

અહેવાલ મુજબ, સરકારના પ્રવક્તાએ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના અવલોકનોને પગલે, સંરક્ષણ મંત્રાલયે સોમવારે કંટ્રોલર જનરલ ઓફ ડિફેન્સ એકાઉન્ટ્સને તમામ ઓઆરઓપી લેણાં એક હપ્તામાં મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર તમામ ભૂતપૂર્વ સૈનિકોના બાકી લેણાં ૧૫ માર્ચ સુધીમાં ચૂકવવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના માર્ચ ૨૦૨૨ના નિર્ણય પછી, અત્યાર સુધીમાં આ ત્રીજી વખત છે જ્યારે સરકારે બાકી ચૂકવણી માટે નવી તારીખ આપી છે. સુપ્રીમ કોર્ટના માર્ચના નિર્ણય પછી, ત્રણ મહિના એટલે કે જૂન સુધીનો સમય આપવામાં આવ્યો હતો, ત્યારબાદ તારીખ ફરી એકવાર સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી હતી. ૯ જાન્યુઆરીના રોજ, સુપ્રીમ કોર્ટે તમામ પાત્ર પેન્શનરોના કુલ લેણાં ચૂકવવા માટે કેન્દ્ર સરકારને ૧૫ માર્ચની સમયમર્યાદા આપી હતી. આ પછી, ૨૦ જાન્યુઆરીએ, સંરક્ષણ મંત્રાલયે એક પરિપત્ર જાહેર કરીને કહ્યું કે, બાકીની રકમ ચાર હપ્તામાં ચૂકવવામાં આવશે. સોમવારે આ મામલે સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે સેક્રેટરીને પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવા માટે વ્યક્તિગત સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, જ્યારે અમે બાકી ચૂકવણી માટે ૧૫ માર્ચની તારીખ નક્કી કરી હતી, તો ૯ જાન્યુઆરીના અમારા આદેશ પછી તમે આ પરિપત્ર કેવી રીતે બહાર પાડી શકો છો કે તમે ચાર સમાન હપ્તામાં રકમ ચૂકવશો ? અમે તમારા સેક્રેટરી સામે પગલાં કેમ ના લઈએ ? સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે મંત્રાલયે કાયદો પોતાના હાથમાં લેવો જોઈતો નહતો અને પેમેન્ટ માટે પરિપત્ર બહાર પાડવો જોઈતો હતો.

# પ્રેમ એક ઈલાજ

આલેખનઃ ભરત ટિટિયા । જય સોમનાથ । અમદાવાદ

આમ તો પ્રેમ વિશે એવું કહેવાયું છે કે 'યે રોગ લા ઈલાજ હૈ' પણ મારા મતે તો પ્રેમ એ જ તન-મન અને સમાજનાં તમામે તમામ રોગો અને પ્રશ્નો નો રામબાણ ઈલાજ છે.

કોઈપણ પશુ, પંખી કે માનવમાં સર્જનહાર કુદરતે જ એવી પ્રબળ ઈચ્છા મૂકેલી છે કે મને કોઈ પ્રેમ કરે, અખૂટ પ્રેમ કરે.

એક કડવી સચ્ચાઈ એ છે કે આપણે સહુ પ્રેમ પામવા, પ્રેમ , કાળજી અનુભવવા આપણાં પોતાનાં સિવાયની અન્ય કોઈ વ્યક્તિની અનિવાર્યપણે જરૂર પડે છે.

આપણાંમાની કોઈપણ વ્યક્તિને જીવનમાં જો બીજી કોઈ વ્યક્તિનો પ્રેમ ન મળે તો એ મનથી બીમાર પડે છે, એટલે કે એને ક્યાંય ચેન ન પડવુ , ઉંઘ ન આવવી , સતત તાણમાં રહેવું વગેરે અનુભવો થાય છે . મનની આ અસ્વસ્થતા આપણાં મેટાબોલિઝ્મ ઉપર નકારાત્મક અસર કરે છે અને માણસ શરીરથી પણ બીમાર પડવા માંડે છે.

આમ માણસ માત્ર માટે અન્ય કોઈ વ્યક્તિનો પ્રેમ મળવો એ પ્રાણવાયુ સમાન છે. પોતાની નિઃસ્વાર્થ પ્રેમ અને કાળજીની પ્રબળ ઈચ્છાને સંતોષવા સર્જનહારે જીવ સૃષ્ટિમાં નર અને માદાની રચના કરી . માણસે આથી આગળ વધીને કુટુમ્બ અને સમાજ નું નિર્માણ કર્યું છે જેથી દંપતીને ખોળે જન્મતાં બાળકને મા-બાપ, ભાઈ-ભાંડુ, પરિવારનો નિઃસ્વાર્થ પ્રેમ મળે અને એ બાળક તન-મનથી સ્વસ્થ, સફળ અને આનંદી વ્યક્તિ બને છે.

પણ બદ-કિસ્મતીથી જો કોઈ પણ વ્યક્તિને માં-બાપ, પરિવાર, મિત્રમંડળ, કે સમાજમાંથી નિઃસ્વાર્થ પ્રેમ, કાળજી કે સહકાર ન મળે તો એ વ્યક્તિમાં હતાશા, ક્રોધ, પ્રબળ નકારાત્મકતા જન્મે છે .આવી મનોરોગી વ્યક્તિઓનાં નકારાત્મક, વિચિત્ર કે વિકૃત વર્તનનો ભોગ સમાજના નિર્દોષ માણસો બને છે. એકબીજાંને માનસિક કે શારીરિક ત્રાસ આપવો, લૂંટફાટ, લડાઈ ઝઘડાં , મારામારી કે પછી બળાત્કાર જેવી જઘન્ય ઘટનાઓનાં મૂળમાં તો જે તે વ્યક્તિનાં જીવનમાં રહેલો નિઃસ્વાર્થ પ્રેમ અને કાળજીનો અભાવ જ હોય છે.




જો ધ્યાનથી વિચારીએ તો માણસનાં જીવનનાં વ્યક્તિગત પ્રશ્નો, સમાજના સામાજિક પ્રશ્નો અને સમાજમાં ફેલાયેલી બદીઓ અને વિકરાળ પ્રશ્નોનો એક માત્ર ઈલાજ પ્રેમ જ છે.

નિઃસ્વાર્થ પ્રેમ , નિઃસ્વાર્થ કાળજી અને સમજણ આપવાથી હિંસક અને વિકરાળ પ્રાણીઓ જ નહીં પણ અહંકારી, ક્રોધી, લુચ્ચા, સ્વાર્થી અને વિકૃત માણસો પણ નરમ અને સાફ દિલનાં બની જાય છે.

બસ ભગવાનનું નામ લઈને આજથી જ જાણ્યાં ,અજાણ્યાં, જરૂરતમંદ મનુષ્યને નિઃસ્વાર્થ સહકાર, સેવાનાં માધ્યમથી નિઃસ્વાર્થ પ્રેમ આપવાનું શરૂ કરો.

જો તમે માનવસેવાનું આ કાર્ય ઉપાડી લેશો તો એનાં ચમત્કારિક પરિણામો તમને જોવા મળશે, મનથી ભાંગી પડેલાં બેઠા થશે, જીવનથી હારી ગયેલાં ન ફક્ત જીવી જશે પણ સફળ થઈ આનંદથી જીવશે અને એનો આત્મા તમને અંતરથી આશીર્વાદ આપશે .જે અચૂક ફળશે જ. જે તમને અને તમારાં પરિવારને આજ જન્મમાં , જીવતે જીવ સ્વર્ગનુ સુખ આપશેજ એની મને પૂરી શ્રદ્ધા છે.

છેલ્લે મારી જ કવિતાનો ઉલ્લેખ કરું તો..
'વગર હવાઈ જહાજે હવામાં ઉડાડે છે,
એ નિઃસ્વાર્થ પ્રેમ જ છે જે માણસ જાતને જિવાડે છે.'
ભરત ટિટિયા । જય સોમનાથ । અમદાવાદ

## ભવાનીપુરમાં ઝૂંપડપટ્ટીમાં બેંક એકાઉન્ટ ભાડે આપી ક્રિપ્ટોકરન્સીનો મોટો વ્યવહાર થઈ રહ્યો હતો

કોલકતા,તા.૨૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સવારે સાત વાગ્યે ફરી કોલકાતામાં દરોડા પાડ્યા હતા. જે બાદ ઈડીએ મંગળવારે ૫૬ શંભુનાથ પંડિત સ્ટ્રીટ પર દરોડા પાડ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરોડો મોબાઈલ એપ ગેમની તપાસના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. ઈડી અધિકારીઓએ દાવો કર્યો હતો કે ભવાનીપુરમાં કેટલાક મધ્યમ વર્ગના લોકોના ખાતાનો ઉપયોગ કરીને ક્રિપ્ટોકરન્સીના વ્યવહારો કરવામાં આવી રહ્યા હતા.જે અનુસાર બેંક ખાતાઓમાં મોટી રકમની લેવડદેવડ કરવામાં આવી છે. ત્યારે આ અંગે આમિર ખાનના ગાર્ડન રિચ હાઉસમાંથી ૧૭ કરોડ રૂપિયાની વસૂલાતની ઘટના બાદ આમિરની પૂછપરછમાં નવી કડીઓ મળી છે. કોલકાતા શંભુનાથ પંડિત હોસ્પિટલની સામે આવેલી ઝૂંપડપટ્ટીમાં ઈડીએ દરોડા પાડ્યા છે. સવારથી શોધખોળ ચાલુ કરાઈ હતી અને અધિકારીઓ સતત સર્ચ અને તપાસ કરી છે .

ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓછી આવક ધરાવતા લોકોના મોટા વર્ગના ખાતાઓનો ઉપયોગ કરીને આ વસાહતની મોટી રકમની ક્રિપ્ટોકરન્સીની લેવડદેવડ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડીએ અગાઉ ૨૦મીએ આ જ વિસ્તારના યુવક અંકિત શાહના ઘરે દરોડા પાડ્યા હતા. ઈડી પાસે પાડોશના અન્ય યુવક રોહનનો મોબાઈલ ફોન પણ હતો. ત્યારે રોહન અને અંકિત ગરીબ પરિવારમાંથી આવે છે.અંકિતના પિતા ખાનગી ઓફિસમાં પટાવાળા તરીકે કામ કરે છે.

જે અંગે ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર અંકિત-રોહનના એકાઉન્ટને ભાડે રાખવામાં આવ્યું હતું અને ક્રિપ્ટોકરન્સીના વ્યવહારો થતા હતા.પરંતુ આ તપાસમાં ઈઢ્ઢ એ માસ્ટરમાઈન્ડને શોધી રહી છે, જેના ઈશારે આ યુવકો પોતાનું એકાઉન્ટ ભાડા પર આપવા માટે રાજી થઈ રહ્યા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*NOG.SS.NO.0095*
★વિષયઃ-ફાગણિયો★
★પ્રકારઃ-ગદ્ય/લેખ★
★શબ્દઃ-૩૫૦★
★શીર્ષકઃ-રંગોત્સવ★
★રચનાઃ-★

રંગોનો ઉત્સવ એટલે હોળી - ધૂળેટી. આ તહેવારને વસંત ઉત્સવનો જ એક ભાગ ગણવામાં આવે છે. રંગ વગરનું જીવન કોઈને પણ નથી ગમતું.

રંગો કોને પસંદ નથી હોતા? જો જીવનમાં રંગો ભરાઈ જાય તો જીવન જીવવાની મજા પણ બમણી થઈ જાય છે. એ જ રીતે ધૂળેટીનો તહેવાર પણ આવે છે, જેને રંગોનો તહેવાર પણ કહેવામાં આવે છે, જેને આપણાં જીવનમાં તેમજ અન્યના જીવનમાં રંગ ફેલાવવાનો તહેવાર પણ કહેવાય છે. ફાગણ મહિનાની પૂર્ણિમા (પુનમ) ના દિવસે હોળીનો તહેવાર ઉજવવામાં આવે છે અને તેના બીજા દિવસે ધૂળેટી ઉજવવામાં આવે છે.

આ દિવસે લોકો રંગબેરંગી અબીલ-ગુલાલ છાંટીને એકબીજા પર નાખે છે. દરેક વ્યક્તિનો ચહેરો લાલ, લીલા, ગુલાબી, પીળા વગેરે જેવા રંગોથી રંગાયેલા હોય છે. રંગોને સુખ, સૌભાગ્ય અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીય ઉત્સવપરંપરામાં

વસંતોત્સવનું આગવું મહત્વ છે. વસંતને ઋતુરાજ કહ્યો છે. વસંત ઋતુના માસ તો છે ફાગણ અને ચૈત્ર, પરંતુ આપણે ત્યાં વસંતોત્સવ શરૂ થાય એટલે ઉજવણી શરૂ થાય વસંતપંચમી થી. વ્રજભક્તો સાથે પ્રભુ ૪૦ દિવસ હોળી રમે. ભક્તજનો હોરીખેલની એ રસલીલાનાં દર્શન કરી તેનો સુખાનુભવ કરે, એ લીલાનું ગાન કરે અને એ કીર્તનો દ્વારા આપણા જેવા જીવોને પણ એ દર્શન કરાવે.એને રસિયા ખેલ્યા એવું પણ કહેવાય છે.

શરદઋતુને વિદાય આપવાનો અને નવા શણગાર સજીને આવતી વસંતને આવકારવાનો અનેરો ઉત્સવ એટલે વસંત પંચમી. કામદેવનો જન્મદિવસ એટલે વસંતપંચમી. પરિણામે આ ઉત્સવને મદન મહોત્સવ પણ કહેવાય. પ્રિયા-પ્રિયતમને રસભર્યા વ્રજભક્તો હોરી ખેલાવે. ૪૦ દિવસ સુધી અબીલ, ગુલાલ, ચોખા, ચંદન, કેસર રંગથી રંગી દે. હોરીના વિવિધ રસભર્યા ગીતો પણ ગાય! વિવિધ વાદ્યોના તાલ સાથે રંગભર્યા ગોપગોપી ઝૂમે. પ્રિયા-પ્રિયતમ પરસ્પર પણ હોરી ખેલે. વળી કોઈવાર ગોપીજનો શ્રીઠાકોરજીને પોતાના ઝૂંડમાં લઈ જઈ સખીવેશ પણ પહેરાવી દે. ફગુવા લઈને જ છોડે.

આમ ધૂળેટી એટલે કૃષ્ણપ્રેમી એવા વ્રજવાસીઓનો તો મનભાવન ઉત્સવ કરો જ. દ્વારિકામા પણ હોળીના આઠ દિવસ અગાઉથી જ ફાગણિયો ફૂલ ડોલોત્સવ ઉજવાય છે. આમ જોઈએ તો ધૂળેટી માત્ર રંગોનો જ તહેવાર નથી પણ ધાર્મિક , સામાજિક પરંપરાઓને ઉજાગર કરતો , જીવનને રંગીન બનાવતો, માનવ સમાજમાં રહેલી અસુરીવૃત્તિને બાળવાનો સંદેશ આપતો ઉત્સવ છે. એકબીજામાં દોષ જોવાનું છોડીને ગુણ જોવાનું શીખવે છે. આમ ખોટા વિચારો અને મનના મેલને પણ બાળવાનો સંદેશ આપે છે.

આમ અસત્ પર સત્ નો વિજય એટલે રંગ - ગુલાલનું પર્વ એટલે જ હોળી - ધૂળેટી.

★લેખક/ લેખિકાઃ-★દીપિકા ચાવડા 'તાપસી★'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG.SS.નો : ૦૦૩૨
સાહિત્ય સરિતા
વિષયઃ- ફાગણિયો,હોળીધૂળેટી,
રંગોનુ મહત્વ.
વિભાગઃ- પદ્ય
શબ્દઃ-૧૨૧
શીર્ષક :★ઉડે રે ગુલાલ★

ઉડે રે ગુલાલ આજ ઉડે રે ગુલાલ,
આજ ઘર ઘર આંગન ઉડે રે ગુલાલ.
ફાગણિયો આયો આયો રે ગુલાલ
રંગ ગુલાબી લાયો લાયો રે ગુલાલ.
ઉડે રે ગુલાલ આજ ઉડે રે ગુલાલ,
આજ ગોકુલ વૃંદાવન મેં ઉડે રે ગુલાલ.
જીવનની ખુશીયા લાયો લાયો રે ગુલાલ,
જીવનભર લહેરાયો રે ગુલાલ.
ઉડે રે ગુલાલ આજ ઉડે રે ગુલાલ,
આજ ગોપ ગોપીઓ સંગ ઉડે રે ગુલાલ.
ફાગણિયો ફાગ લાયો રે ગુલાલ,
ફાગણિયો આયો આયો રે ગુલાલ.
ઉડે રે ગુલાલ આજ ઉડે રે ગુલાલ,
આજ બચ્ચે બડો કે સાથ ઉડે રે ગુલાલ
જૂની યાદ વારંવાર લાયો રે ગુલાલ
તારી યાદોનો રંગ લાયો રે ગુલાલ.
ઉડે રે ગુલાલ આજ ઉડે રે ગુલાલ,
ફાગુન આયા આજ ઉડે રે ગુલાલ.
પ્રેમનો રંગ લાયો રે ગુલાલ
ફાગણિયો રંગ લાયો રે ગુલાલ

મીના બી .માંગરોલીયા
અમદાવાદ ..૨૮/૨/૨૦૨૩

*****†*****************************

NOG No.111
વિષયઃ જીવનમાં રંગોનું મહત્વ
વિભાગઃ ગદ્ય/લેખ
શબ્દ સંખ્યાઃ ૩૨૮
શીર્ષકઃ કસુંબીનો રંગ

સૂર્યોદય વેળાએ ઘરમાં જીવનની સત્યતા સાથે આધ્યાત્મિક રંગે રંગાઈ જવાની પ્રેરણા આપતું ભજન- 'રંગાઈ જાને રંગમાં ' સાંભળતા થયું કે જીવન પણ રંગ મેળવણી જેવું જ છે ને! વિવિધ સ્તરે અનુભવાતી લાગણીઓ તેનું પ્રતિક છે.

પ્રકૃતિ વિવિધ રંગોથી સજેલી છે. વૃક્ષો, પર્ણોનો લીલો રંગ, માટીની કથ્થઈ આભા, વિવિધ રંગોનાં શાકભાજી,ફળોની મિઠાસ, ઋતુનાં બદલાવ સાથે ખીલતાં ફૂલો જેવાકે ઉનાળામાં સોનેરી ગરમાળો, લાલ ગુલમહોર,શ્વેત મોગરાની મહેક રાત્રીના કાળા અંધકારને મહેકાવે છે. પીળા ચંપાનો રંગ મોહક ભાસેછે. વર્ષાઋતુમાં કાળું આભ, મેઘધનુષ તેમજ પૂનમનાં ચંદ્રની શોભા આનંદ અર્પે છે.

સફેદ રંગ આધ્યાત્મિક દ્રષ્ટિએ જોડાયેલો છે. શાંતિ,સમતા, શુધ્ધતાનો ભાવ દર્શાવે છે. બરફથી આચ્છાદિત પર્વતો સુંદરતાની ચરમસીમા છે. પ્રકૃતિનાં ખોળે મળેલાં મોરપીંછ રંગોતેમજ ઘરમંદિર માં બિરાજમાન શ્રીકૃષ્ણનાં મુકુટ પર શોભાયમાન મોરપીંછ નાં દર્શન આધ્યાત્મિક રંગે રંગી શાંતિ પ્રદાન કરે છે.

કાળા રંગને હંમેશા ક્રોધ,કલંક,ઉદાસી, દુઃખ સાથે સાંકળવામાં આવે છે પણ સકારાત્મક રીતે જોઈએ તો કાળું આંજણ, કાળા કેશ સ્ત્રીની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે.

લાલ રંગ સૌભાગ્ય નાં પ્રતિક ચિન્હો જેમકે સેંથીના સિંદુર, કુમકુમ, ભાલે કરેલો ચાંદલો, હાથની મહેંદી, પગનાં આલ્તા માં તેમજ કન્યા, નવોઢા ના મુખની લાલિમા ખુશી દર્શાવે છે.સૂર્યાસ્ત વેળાએ આકાશી આભા સુંદર ભાસે છે.રક્તનો રંગ પણ લાલ છે.કેસરી રંગ શૂરવીરતા નો પ્રતિક છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત ' કસુંબીનો રંગ ' ની તો શું વાત જ કરવી! તેમણે સુગંધથી મહેકતો, લાલપ માં કાળાશ ઘૂંટી તૈયાર કરેલો કસુંબીનો રંગ, જે જીવન કસુંબીરંગ છે તે બેખૂબી દર્શાવ્યું છે.કવિને જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા, ધોળા ધાવણની ધાર માં ,બહેનીના હાલરડાંમાં, કાળીરાત્રી, પહાડોમાંથી નીકળતી ત્રાડો માં પ્રાપ્ત થયો છે.નવીન દુનિયા, કવિ સ્વપ્નોમાં, પીડિતોની અશ્રુધારે,શહીદોના ધગધગતા નિઃશ્વાસે રંગને પ્રજ્વલિત બનતો પામ્યો છે. ભક્તોનાં તંબૂરેથી ટપકેલો ,મસ્તીવર રંગ,દિલદારાના પગની મહેંદી,દેશભક્તો,શહીદોની શહાદતને, લીલાં બલિદાનો અર્થાત્ દેશ માટે બલિદાન આપતાં યુવા વીર સપૂતો માં,સાગર પાર સ્વાધીનતાની કબરોમાં મહેકતો,પ્રભુપ્રેમથી સંતુષ્ટ ભૂખ્યાં કંગાલોના ગાલે છલકાતો અને સત્ય માટે જીવ કુરબાન કર્યો છે, તેવાં બેટાઓની માતાને ભાલે આ રંગ મલકાય છે.દોરંગા, ડરપોક ભાગી જાય છે અને ટેકીલા જ આ રંગ ચાખી અને પામી શકેછે.

આવો છે રંગોનો મહિમા.તો ચાલો, જીવનનાં વિવિધ રંગોને ઉત્સાહભેર આવકારી,મેઘધનુષ જેવું સુંદર જીવન જીવી લઈએ.

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'
૨૮/૦૨/૨૦૨૩

# G-૨૦ દેશોની ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની બેઠકની તૈયારીઓ પૂર્ણ, ભ્રષ્ટાચાર રોકવા માટે વ્યાપક ચર્ચા કરવામાં આવશે

**★● આ બેઠક ૧ થી ૪ માર્ચ દરમિયાન ગુરુગ્રામમાં યોજાશે.★**

**★● તમામ વિદેશી પ્રતિનિધિઓ તેમના દેશોમાં ભ્રષ્ટાચારને રોકવા માટે લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરશે.★**

**★● આ કાર્યક્રમમાં ૩૯ દેશોના પ્રતિનિધિઓ ભાગ લે તેવી અપેક્ષા છે★**



ગુડગાંવ, ૨૮ ફેબ્રુઆરીઃ હરિયાણાના ગુરુગ્રામમાં ૧ થી ૪ માર્ચ દરમિયાન યોજાનારી G-૨૦ દેશોના ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની બેઠક માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. બેઠક દરમિયાન તમામ વિદેશી પ્રતિનિધિઓ તેમના દેશોમાં ભ્રષ્ટાચારને રોકવા માટે લેવામાં આવેલા પગલાઓ અંગે ચર્ચા કરશે. ભ્રષ્ટાચારને રોકવા માટે આ પગલાં કેટલા અંશે અસરકારક રહ્યા છે અને તેને સુધારવા માટે શું કરી શકાય તેની પણ ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૩૯ દેશોના પ્રતિનિધિઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

આ બેઠક દરમિયાન, સરકારે ભ્રષ્ટાચાર પર ઝીરો ટોલરન્સ માટે કેવી રીતે પ્રયાસ કર્યો, તેને કેવી રીતે સમાપ્ત કર્યો, જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પ્રદર્શન દ્વારા દર્શાવવામાં આવશે. ખાસ કરીને, પરિવાર પહેચાન પત્ર (PPP) અને ડિજિટલાઈઝેશન જેવી યોજનાઓની વિગતવાર માહિતી સાથે સ્ટોલ ઉભા કરવામાં આવશે અને વિદેશી મહેમાનોને બતાવવામાં આવશે.

વિદેશી પ્રતિનિધિમંડળની મુલાકાત દરમિયાન, હરિયાણામાં સુલતાનપુર તળાવ ખાતે કાર્યરત મહિલા સ્વ-સહાય જૂથોની કામગીરી પ્રદર્શિત કરવામાં આવશે. G-૨૦ના મહેમાનોનું સ્વાગત ઈન્ટરનેશનલ મિલેટ યરને ધ્યાનમાં રાખીને બાજરીથી બનેલ ઉત્પાદનોથી અને પરંપરાગત હરિયાણવી પાઘડી બાંધી તિલક સાથે કરવામાં આવશે.

# 'વર્તમાન પેઢી ભૂતકાળની કેદી ન બની શકે' શહેરોના નામ બદલવા અંગેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવીદિલ્હી,તા.૨૮

શહેરો, રસ્તાઓ, ઈમારતો અને સંસ્થાઓના નામ બદલવા અંગે સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને ફટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટે ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયની અરજીને ફગાવી દીધી હતી, જેમાં આક્રમણકારોના નામ પર રહેલા જાહેર સ્થળોના નામ બદલવા માટે કમિશનની રચના કરવાની માંગ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને ફટકાર લગાવતા કહ્યું કે, તમે આ અરજીથી શું મેળવવા માંગો છો? શું દેશમાં બીજી કોઈ સમસ્યા નથી? એમાં કોઈ શંકા નથી કે ભારત પર ઘણી વખત આક્રમણ થયું છે, શાસન થયું છે, તે બધું ઈતિહાસનો એક ભાગ છે. તમે પસંદગીપૂર્વક ઈતિહાસ બદલવા માટે ના કહી શકો. હવે આ બાબતમાં ફરીથી જવાનો શો ફાયદો છે?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશ ભૂતકાળનો કેદી ન રહી શકે. દેશ ધર્મનિરપેક્ષતા, બંધારણવાદ અને રાજ્યની કાર્યવાહીમાં નિષ્પક્ષતા સાથે સંકળાયેલો છે. દેશે આગળ વધવું જોઈએ અને તે અનિવાર્ય છે. ભૂતકાળની ઘટનાઓ વર્તમાન અને ભવિષ્યને ખલેલ પહોંચાડી શકતી નથી. વર્તમાન પેઢી ભૂતકાળની કેદી ન બની શકે.

જસ્ટિસ કેએમ જોસેફે કહ્યું કે ભારત આજે ધર્મનિરપેક્ષ દેશ છે. તમારી આંગળીઓ એક ચોક્કસ સમુદાય સામે ઉઠાવવામાં આવી રહી છે. શું તમે દેશને ફરી સળગતો જોવા માંગો છો? આપણે ધર્મનિરપેક્ષ છીએ અને બંધારણની રક્ષા કરવાવાળા છીએ. તમે ભૂતકાળની ચિંતા કરો છો અને વર્તમાન પેઢી પર બોજ નાખવા માટે આ મુદ્દા ઉખેડી રહ્યા છો. આ રીતે વધુ વૈમનસ્ય ઉભું થશે. ભારતમાં લોકશાહી પ્રવર્તે છે.અરજદાર એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે દલીલ કરી હતી કે ઈતિહાસ બદલવામાં આવ્યો હતો.

# ક્રૂડ તેલમાં ૧૧,૨૦,૫૦૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૯૩ની વૃદ્ધિ

**નેચરલ ગેસ પણ નોમિનલ સુધર્યુંઃ સોનાનો વાયદો રૂ.૨૯૦ અને ચાંદીનો વાયદો રૂ.૨૩૪ ઘટ્યોઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬૩૯૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૫૮૩ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૫ કરોડનાં કામકાજ**

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૯,૯૭૨ સોદાઓમાં કુલ રૂ.૧૪,૯૯૫.૩૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬૩૯૭.૨૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૫૮૨.૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૮,૪૬૭ સોદાઓમાં કુલ રૂ.૩,૪૪૫.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૪૦૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૪૩૫ અને નીચામાં રૂ.૫૫,૧૩૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૦ ઘટી રૂ.૫૫,૧૮૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૨ વધી રૂ.૪૪,૩૭૫ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૦ વધી રૂ.૫,૪૫૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૫૪૯ના ભાવે ખૂલી, રૂ.૬૦ ઘટી રૂ.૫૫,૩૮૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૯૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૯૬૩ અને નીચામાં રૂ.૬૨,૪૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૪ ઘટી રૂ.૬૨,૭૩૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૯૩ ઘટી રૂ.૬૨,૫૭૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૦૦ ઘટી રૂ.૬૨,૫૮૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૪૨૧ સોદાઓમાં રૂ.૧,૫૭૯.૨૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૦૭.૪૦ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૦૫ ઘટી રૂ.૨૬૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩.૫૦ વધી રૂ.૭૫૮.૭૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૬,૯૨૯ સોદાઓમાં કુલ રૂ.૧,૩૬૧.૮૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૨૮૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૭૧ અને નીચામાં રૂ.૬,૨૮૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૩ વધી રૂ.૬,૩૬૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૪૦ વધી રૂ.૨૨૪.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫૭ સોદાઓમાં રૂ.૧૧.૦૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૨૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૨૮૦ અને નીચામાં રૂ.૬૩,૦૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ ઘટી રૂ.૬૩,૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૧૦૪૭.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૮૪.૩૩ કરોડનાં ૩,૦૪૩.૯૪૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૭૬૦.૮૦ કરોડનાં ૨૭૬.૨૭૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૦૯.૭૩ કરોડનાં ૧૧,૨૦,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૫૨ કરોડનાં ૨૮૯૩૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૪.૫૫ કરોડનાં ૭૨૦ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬.૫૪ કરોડનાં ૬૧.૯૨ ટનના વેપાર થયાહતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૯૨.૫૦૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૫૧.૨૭૭ ટન, ક્રૂડ તેલમાં ૬૯૭૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૭૫૫૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૯૫૦૪ ખાંડી, મેન્થા તેલમાં ૩૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૪૮ કરોડનાં ૨૦૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૦૦૦ના સ્તરે ખૂલી, ૬૪ પોઈન્ટ ઘટી ૧૪,૯૩૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૫૮૨.૬૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૭૬.૨૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૦.૦૩ કરોડનાં કામ થયાં હતાં.

એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૯૭૧.૩૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦૪.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૧૦.૩૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૨.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૨ અને નીચામાં રૂ.૧૯૫.૧૦ રહી, અંતે રૂ.૩૫.૮૦ વધી રૂ.૨૩૮.૬૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૧ અને નીચામાં રૂ.૨૪૫ રહી, અંતે રૂ.૬૪.૫૦ ઘટી રૂ.૨૫૭ થયો હતો.

નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦.૯૫ અને નીચામાં રૂ.૧૮.૧૦ રહી, અંતે રૂ.૦.૫૫ વધી રૂ.૧૯.૫૦ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૦૪ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૦૪ અને નીચામાં રૂ.૮૩૧ રહી, અંતે રૂ.૧૫૦ ઘટી રૂ.૮૭૫.૫૦ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૮૭ અને નીચામાં રૂ.૧,૧૨૫ રહી, અંતે રૂ.૧૭૨ ઘટી રૂ.૧,૨૧૭.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૫.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫.૯૦ અને નીચામાં રૂ.૧૭૨ રહી, અંતે રૂ.૪૫.૩૦ ઘટી રૂ.૧૭૪.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬.૩૫ અને નીચામાં રૂ.૧૪.૧૦ રહી, અંતે રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૫.૩૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૮ અને નીચામાં રૂ.૩૮૨.૫૦ રહી, અંતે રૂ.૧૦૫.૫૦ વધી રૂ.૪૭૬.૫૦ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૪૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૪૯ અને નીચામાં રૂ.૧,૪૪૯.૫૦ રહી, અંતે રૂ.૧૫૭ વધી રૂ.૧,૫૮૫ થયો હતો.

સોનું-મિની માર્ચ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૫ અને નીચામાં રૂ.૩૫૩ રહી, અંતે રૂ.૯૦ વધી રૂ.૪૩૮ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-3



સાહિત્ય સર્જક ની ગંભીર બીમારીમાં સાહિત્ય સર્જકો વહારે આવ્યા

# ગુજરાત ભાજપનું આ કમલમ જ ગેરકાયદેસર, સરકાર કહે તો પૂરાવા આપવા તૈયાર : મોઢવાડીયા

### ગુજરાત વિધાનસભામા ગેરકાયદેસર બાંધકામનો મુદ્દો ઉછળ્યો,કોંગ્રેસે પોરબંદરની કમલમની ઓફિસ ગેરકાયદેસર હોવાનો આક્ષેપ લગાવ્યો

ગાંધીનગર,તા.૨૮

બહુમતિને જોરે ઈમ્પેક્ટ ફી કાયદો વિધાનસભામાં પસાર થઈ ગયો છે. ૧ ઓક્ટોબર ૨૦૨૨ પહેલાંની બિન અધિકૃત હોય અને વપરાશમાં આવેલી મિલકતોને સરકાર હવે ફી લઈને કાયદેસર કરી દેશે. આ મામલે હવે કાયદો બની ગયો છે. સરકારે પહેલાં પ્રયાસ કર્યો હતો પણ સફળતા મળી ન હતી. હવે સરકારે આ કાયદો બનાવી દીધો છે.

સરકારે કટ ઓફ ડેટનો અસ્વીકાર કર્યો છે અને વધુ ૪ મહિનાનો સમય ફાળવ્યો છે. ગુજરાતીઓમાં એ પણ રોષ છે કે, સામાન્ય કોમનમેન કરતાં આ બિલથી વધારે ફાયદો બિલ્ડર લોબીને થવાનો છે. કોંગ્રેસના ધારાસભ્યે ગઈકાલે ગૃહમાં એક પ્રશ્ન





એવો ઉઠાવ્યો હતો કે, તમામની બોલતી બંધ થઈ ગઈ હતી.

ગુજરાત વિધાનસભામાં ઈમ્પેક્ટ ફી અંગે સુધારા વિધેયક રજૂ થતા વિપક્ષે તડાપીટ બોલાવી હતી. ગૃહની સભામાં વિપક્ષના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, ગુજરાતમાં ગેરકાયેદસર બાંધકામો રોકવા જરૂરી છે, પણ જો આ રીતે ચાલુ રહેશે તો ગેરકાયદેસર બાંધકામો કરનારામાં ડર ઉભો નહી થાય. લોકો ગેરકાયદે બાંધકામો કરતા જશે અને કાયદાનો લાભ લઈને બાંધકામો રેગ્યુલર કરતા જશે. અર્જુન મોઢવાડીયાએ તો એટલા સુધી આક્ષેપ કર્યો હતો કે, પોરબંદરમાં તો ભાજપ કાર્યાલય કમલમ જ ગેરકાયદેસર રીતે બંધાયેલું છે. કોઈની મંજૂરી લેવાઈ નથી કોઈ ના પાડે તો મારી પાસે પુરાવા છે.

આ આક્ષેપ બાદ પણ ઋષિકેશ પટેલ સહિત ગુજરાતના તમામ સિનિયર મંત્રીએ એક પણ હરફ ઉચ્ચાર્યો નહોતો. તમામ મંત્રીઓએ ચૂપકીદી સાધી લીધી હતી.

ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વચ્ચે કહ્યું હતું કે , શું કોંગ્રેસનું રાજીવગાંધી ભવનનું બાંધકામ તો ગેરકાયદેસર નથી ને. ત્યારે મોઢવાડિયાએ સ્પષ્ટ કહ્યું હતું કે, જો મંત્રી કહે તો હું ટેબલ પર પુરાવા રજૂ કરવા તૈયાર છું. સરકાર ઈમ્પેક્ટ ફીના કાયદા મામલે વિપક્ષ પર પ્રેસર કરી રહી હતી અને તડાપીટ બોલાવી રહી હતી ત્યારે મોઢવાડિયાના આક્ષેપને પગલે આ મામલો ગરમાઈ ગયો હતો.

એક તબક્કે તો મોઢવાડિયાએ પુરાવા રજૂ કરવાની ગૃહમાં વાત કરતાં સત્તાધિશોમાં સન્નાટો છવાઈ ગયો હતો.

ધારાસભ્ય કાનગડે ભોંઠા પડવાનો વારો આવ્યો હતો. ઘણા ધારાસભ્ય તો ગાંધીનગર સ્થિત કમલમનું સમજ્યા હતા પણ છેલ્લે વાત સમજાઈ હતી.

આખરે ઘણાએ અંદરો અંદર કાનાફૂસી કરી હતી. મોઢવાડિયાએ તો ફક્ત પોતાના મત વિસ્તારમાં ઉભા થયેલા કમલમની વાત કરી હતી.

# હિંમતનગરના ઘોરવાડા ગામમાં દીપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો



હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામમાં રહેણાંક વિસ્તાર પાસેના ડુંગર ઉપર દીપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે દિપડો પાચ કલાક સુધી ડુંગર ઉપર બેસી રહેતા ગામ લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો ગ્રામજનોના જણાવ્યા મુજબ દીપડો છેલ્લા એક મહિનાથી ડુંગર વિસ્તારમાં આંટાફેરા મારતો દેખાય છે વધુમાં ગ્રામજનોનું કહેવું છે કે અગાઉ દીપડાએ પશુનું મારણ કરતા વન વિભાગને પણ જાણ કરાઈ હતી ત્યારે આ મામલે ગ્રામજનો દીપડાને પાંજરે પુરવા માંગ કરી રહ્યા છે જ્યારે આ અંગે વધુ માહિતી એકત્ર કરવા માટે જીલ્લા વન વિભાગના અધિકારી ડી.એફ.ઓ સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેઓ પોતે આ વાતથી અજાણ હોવાનું અને આ મામલે આર.એફ.ઓ સાથે વાત કરો તેમ જણાવ્યું હતું પરંતુ વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પુરવા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે કેમ તે હવે જોવું રહ્યું.

# વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૭,૦૪,૧૫૬ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬,૮૮,૩૨૦ લોકોને મફત અનાજ આપવામાં આવ્યું

ગાંધીનગર,તા.૨૮

વિકાસ, વિકાસની વાતો કરતી ગુજરાત સરકારમાં હવે ગરીબો પણ વધી રહ્યાં છે. વિકસીત ગુજરાતમાં ગરીબોને ખાવાના ય ફાંફા પડી રહ્યાં છે. એક વર્ષમાં અમદાવાદમાં મફત અનાજ લેનારા ૭૦ હજાર લોકો વધ્યા છે. એક તરફ, ગુજરાત વિકાસની હરણ ફાળ ભરી રહ્યું છે ત્યારે સરકારે વિધાનસભામાં કબૂલ્યું છે કે, અમદાવાદ જેવા શહેરમાં મફત અનાજ લેનારાઓની સંખ્યામાં ૭૦ હજારનો વધારો થયો છે. લોકો લાઈનો લગાવીને આ મફતનું અનાજ લઈ રહ્યાં છે. દિવસે ને દિવસે મફત અનાજ લેવાનો આંક વધતો જાય છે. પહેલાં રાજ્ય સરકારનો આ યોજનામાં હિસ્સો હતો હવે કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના ચલાવાઈ રહી છે. અમદાવાદમાં ૧૭ લાખ લોકો મફત અનાજ મેળવે છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં ગરીબો વધ્યા છે.

કોરોનાકાળથી શરૂ થયેલી આ યોજનામાં દેશના ૮૦ કરોડ ગરીબોને લાભ મળી રહ્યો છે. આ યોજના આ બજેટમાં પણ વધી છે. સરકારે કોરોનાકાળમાં સતત ૨ વર્ષ ગરીબોને મફત અનાજ આપ્યું છે. આ વર્ષે લોકસભાની ચૂંટણી હોવાથી સરકારે આ યોજના વધારી છે. આ યોજનાને કારણે સરકારને કરોડો રૂપિયાનો બોજ આવી રહ્યો છે. આ ખર્ચ એ કેન્દ્ર સરકાર આ વર્ષથી ઉઠાવી રહી છે. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ગરીબોને મફત ઘઉં અને ચોખા આપવામાં આવે છે. આ મામલે નિયમો પણ કડક હોવા છતાં આ લાભાર્થીઓની સંખ્યા સતત વધી રહી છે.

૪૦ચો.ફુટથી ઓછી જમીનમાં મકાન હોય, મહિને ૧૦ હજારથી ઓછી આવક હોય, કેન્સર જેવી ગંભીર બિમારીમાં પિડીત હોય, કોઇ કમાનાર ન હોય, દિવ્યાંગ-સિનિયર સિટીઝન, નિરાધાર વ્યક્તિને આ એક્ટ હેઠળ સમાવેશ કરીને મફત અનાજ પુરુ પાડવામાં આવે છે. વાઈબ્રન્ટ ગુજરાતનું એક પાસું એવું છે કે અમદાવાદ જેવા મેગા શહેરમાં લાભાર્થીઓની સંખ્યા વધી રહી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૭,૦૪,૧૫૬ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬,૮૮,૩૨૦ લોકોને મફત અનાજ આપવામાં આવ્યું છે. ગરીબોને મફત ઘઉં, ચોખા આપવામાં આવે છે.

સરકારે એ આંકડા પણ ગૃહમાં રજૂ કર્યા છેકે, અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૩માં મફત અનાજ મેળવનારા લાભાર્થીઓની સંખ્યા વધી છે. આ વર્ષે ૧૮,૦૩૮ પરિવારો વધ્યાં છે. માત્ર અમદાવાદમાં જ નહીં મહેસાણામાં ૪૫૧૨, વલસાડમાં ૪૯૨૪, ભરૂચમાં ૧૦,૧૧૧, ભાવનગરમાં ૧૧,૪૨૫ અને નવસારીમાં ૮૪૮ લોકોનો મફત અનાજ લેનારાઓમાં સમાવેશ કરાયો છે. આ જોતા લાગી રહ્યું છેકે, ગુજરાતમાં ગરીબોની સંખ્યા વધી રહી છે. સરકાર ભલે વિકાસ વિકાસની વાતો કરતી હોય પણ ગુજરાતમાં વધી રહેલી ગરીબોની સંખ્યા દેખાડે છે કે વિકાસની સાથે ગરીબી પણ વધી રહી છે.

આમ ગુજરાતમાં આ બતાવે છે કે અમીરી અને ગરીબી વચ્ચેની ખાઈ સતત વધી રહી છે. અમીર સતત અમીર થઈ રહ્યાં છે અને ગરીબોને બે ટંકના પણ ફાંફા પડી રહ્યાં છે.

# ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ડુંગળીના બજાર ભાવ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરાઇ

ભાવનગર,તા.૨૮

રાજ્યમાં ડુંગળી પકવતા ખેડૂતોને થઇ રહેલા નૂકશાન સંદર્ભે ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં એપીએમસીના આગેવાનોએ કરેલી રજૂઆતને ગંભીરતાથી સાંભળી ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

અગાઉ પણ આ પ્રશ્ને ખેડૂત આગેવાનોએ અને ધારાસભ્યઓએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને રજુઆતો કરેલ હતી. જેના પ્રતિભાવમાં કૃષિ મંત્રી દ્વારા ખેડૂતોને સહાય કરવા માટે હૈયા ધારણ આપવામા આવી હતી. ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ હકારાત્મક પ્રતિભાવ આપવા બદલ આગેવાનોએ અને ધારાસભ્યઓએ મુખ્યમંત્રીનો ખેડૂતો વતી આભાર માન્યો હતો. ડુંગળીના નીચા ભાવથી ખેડૂતોને થઈ રહેલા નૂકશાનથી બચાવવા રાજ્ય સરકારે ગત વર્ષે રૂા.૧૦૦ કરોડની સહાય જાહેર કરી હતી. જેમાં રાજ્ય સરકારે ખેડૂતો દ્વારા અરજી કર્યા બાદ કુલ ૩૧,૬૭૪ ખેડૂતોને કુલ રૂા.૬૯.૨૬ કરોડની સહાય ચુકવવામાં આવી હતી. જેથી આ વખતે પણ સરકાર જરૂરી નિર્ણય લેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

રાજ્યમાં ડુંગળીના ઘટી ગયેલા ભાવ સંદર્ભે ખેડૂતો માટે યોગ્ય નિર્ણય લેવા આજે ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં મહુવા એપીએમસીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, પાલીતાણાના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા તથા ગોંડલ એપીએમસીના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી.

# ભાવનગરમાં હીરાનાં કારખાનામાં દંપતિએ રૂ.૨ લાખની ચોરી કર્યાની રાવ

ભાવનગર,તા.૨૮

ભાવનગરના ચિત્રા જીઆઈડીસી માં આવેલ હીરાની ડાય બનાવવાના કારખાનામાં કામ કરતા દંપતીએ કારખાનાની ઓફિસમાં રાખેલ રૂ.૨ લાખ રોકડાની ચોરી કરી કારખાનાના માલિકે ઉપાડ પેટે આપેલા રૂ ૨.૧૭ લાખ પણ નહીં ચૂકવી ખોટા વાયદાઓ કરતા કારખાનેદારે દંપતી વિરુદ્ધ બોરતળાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ ધંધુકા તાલુકાના ઉમરગઢ ગામના વતની અને ભાવનગરના ગણેશનગર - ૧ માં રહેતા અને ચિત્રા જીઆઈડીસીમાં હીરાની ડાય બનાવવાનું કારખાનું ચલાવતા નિલેશભાઈ બાબુભાઈ સુતરીયા (ઉં.વ. ૪૮) એ બોરતળાવ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, તેમના કારખાનામાં કામ કરતા અને કારખાનામાં જ રહેતા પરપ્રાંતીય રાજકુમાર પ્રસાદ અને તેના પત્ની અંજુબેન ગુપ્તાએ ગત તા. ૨૭/૧ના રાત્રીના સમયે તેની કારખાનામાં આવેલ ઓફિસના ટેબલમાં રાખેલ રોકડા રૂપિયા બે લાખ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.છોરીની આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા નિલેશભાઈએ તેમના મોબાઈલ ઉપર સંપર્ક કર્યો હતો જોકે બંનેનો ફોન બંધ આવ્યો હતો.રોકડા રૂપિયા બે લાખની ચોરી કરનારા દંપતીને અગાઉ નિલેશભાઈએ ઉપાડ પેટે રૂ? ૨.૬૭ લાખ આપ્યા હતા, જેમાંથી રૂ.૫૦ હજાર પગારમાં જમા કરાવતા બાકીના ૨.૧૭ લાખ રૂપિયા બાકી હોય તેમને ફોન કરી ઉઘરાણી કરતા આ દંપતી વાયદાઓ કરતા હોય આખરે નિલેશભાઈએ દંપતી વિરુદ્ધ રૂપિયા બે લાખ રોકડાની ચોરી કર્યાની તેમજ ઉપાડપેટે બાકી નીકળતા રૂ ૨.૧૭ લાખ નહીં ચૂકવી ખોટા વાયદાઓ કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે તપાસ હાથ ધરી હતી.

# વલસાડની ફાર્મા કંપનીમાં મોડી રાતે બ્લાસ્ટ, ત્રણ કામદારોના મોત



વલસાડ,તા.૨૮

વલસાડના સરીગામ જીઆઇડીસીની એક કંપનીમાં બ્લાસ્ટ થતા ત્રણ કામદારોના મોત નિપજયા છે. વલસાડની બેન પેટ્રોકેમ એન્ડ ફાર્મા ઈન્ડિયા નામની કંપનીમાં મોડી રાતે બ્લાસ્ટ થયો હતો. પ્રચંડ બ્લાસ્ટથી કંપનીમાં આગ લાગી હતી, જેથી અફરાતફરીનો માહોલ છવાયો હતો. બ્લાસ્ટથી કંપનીનો સ્લેબ ધરાશાયી થયો હતો. જેમાં ૩ કામદારોના મોત નિપજ્યા છે. તો ૨ કામદાર ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

વલસાડના ઉમરગામ તાલુકામાં આવેલી સરીગામ કેમિકલ ઝોન GIDCમાં વેન પેટ્રોકેમ ફાર્મા કંપનીમાં મધ્યરાત્રીએ અચાનક આગ લાગી હતી. આગ લાગતા બ્લાસ્ટ થયો હતો. કંપનીમાં અચાનક બ્લાસ્ટ થતા કંપનીનો શેડ ધરાશાયી થયો હતો. જેમાં, ૩ કામદારોના મોત થયા છે. જ્યારે અને બે કામદારોને ઈજા પહોંચી છે.

**૧૦૮ ટીમને જાણ થતાં ૩ ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. વલસાડના એસપી, પ્રાંત અધિકારી, મામલતદાર,જીઆઇડીસીના અધિકારી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા**

આજુબાજુની કંપનીમાં અને કેમિકલ ઝોનમાં આવેલી તમામ કંપનીઓમાં બ્લાસ્ટની આસર જોવા મળી હતી.

ઘટનાને લઈને આજુબાજુની કંપનીમાંથી કામદારો તાત્કાલિક પેટ્રોકેમ ફાર્મા કંપનીમાં મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સરીગામ જીઆઈડીસી,દમણ, વાપી જીઆઈડીસી, નોટિફાઇડ સહિતની ફાયર ફાઈટરની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. જ્યારે ૧૦૮ ટીમને જાણ થતાં ૩ ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. વલસાડના એસપી, પ્રાંત અધિકારી, મામલતદાર,જીઆઇડીસીના અધિકારી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

# ગુજરાત કૌભાંડનું નગર બની ગયું છે. સતત વધી રહેલા પેપરકાંડ બાદ હવે નોકરીકાંડ સામે આવ્યું છે.

અમદાવાદ,તા.૨૮ૉ

ગુજરાત કૌભાંડનું નગર બની ગયું છે. સતત વધી રહેલા પેપરકાંડ બાદ હવે નોકરીકાંડ સામે આવ્યું છે. પોલીસ ભરતી નોકરી કૌભાંડ અંગે યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને પોલીસ ભરતીમાં નોકરી કૌભાંડનો સ્ફોટક ખુલાસો કર્યો છે. પીએસઆઈની ૧૬ માર્ચ, ૨૦૨૧ ની ભરતીમાં કૌભાંડ થયું હતું. ૧૩૮૨ જગ્યા માટે ભરતી થઇ હતી. ત્યારે આ ભરતીમાં ૧૦ લોકો ખોટી રીતે લાગ્યા હોવાનો યુવરાજ સિંહે આક્ષેપ લગાવ્યો છે. પોલીસ અધિકારી અને બીરસામુંડા ભવનના એક કર્મચારી થકી ખોટી રીતે યુવાન નોકરીએ લાગ્યો હતો. ત્યારે આ તપાસનો રેલો ગૃહ વિભાગ સુધી પહોંચ્યો છે.

કરાઈ તાલીમ એકેડમીમાં બોગસ પીએસઆઈની તાલીમનો મામલો સામે આવ્યો છે. જે મામલે હવે ગૃહ વિભાગ મોટો ખુલાસો કરી શકે છે. ગૃહ વિભાગ દ્વારા છેલ્લા ૯ દિવસથી આ મામલે તપાસ ચાલી રહી છે. છેલ્લા ૯ દિવસથી રાજ્યના ગૃહ વિભાગને એક શંકાસ્પદ વ્યક્તિ ખોટી રીતે તાલીમ લઈ રહ્યો છે તેની જાણકારી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યના પોલીસ વડાને નવ દિવસ પહેલા સમગ્ર કેસની તપાસ સોંપાઈ હતી. ગૃહ વિભાગ દ્વારા સમગ્ર ષડયંત્રમાં કેટલા લોકો સામેલ છે તે જાણવા માટે ગુપ્ત રાખી સમગ્ર તપાસ કરવામાં આવી રહી હતી. જોકે તપાસ દરમિયાન માહિતી લીક થઈ ગઈ છે. ત્યારે હવે ગૃહ વિભાગમાં પણ હડકંપ મચી ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ માહિતી લીક કરનાર સામે પણ તપાસ શરૂ કરાઈ છે. ગૃહ વિભાગ દ્વારા આગામી એક-બે દિવસમાં સમગ્ર કેસ સંદર્ભે મોટો ખુલાસો કરાશે. માહિતી લીક કરનાર ગૃહ વિભાગના કર્મચારી અધિકારી સામે પણ પગલાં ભરવામા આવશે.

ગુજરાત પોલીસ એકેડમીમાં પીએસઆઈ ભરતીનો ફણગો ફૂટ્યો છે. અમદાવાદના ધારા જોશીનો મામલો તાજો જ છે. ત્યાં વડોદરાના ડભોઈનો યુવાન પ્રિલીમરી પરીક્ષા અને ફિઝીકલ ટેસ્ટ વગર કરાઈ પોલીસ એકેડમીમાં પહોંચી ગયો. એટલુ જ નહિ, તે છેલ્લાં એક મહિનાથી ટ્રેનિંગ લઈ રહ્યો છે. આ ખુલાસો યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. ડભોઈના મયુર તડવી નામના યુવકનું નામ પ્રિલીમરી કે મુખ્ય પરીક્ષામાં પણ નથી, તો તે કેવી રીતે ટ્રેનિગ સેન્ટર સુધી પહોંચ્યો. મયુર તડવી એક મહિનાથી ટ્રેનિંગ સેન્ટરમાં પીએસઆઈની ટ્રેનિંગ લઈ રહ્યો છે. યુવરાજસિંહ જાડેજાએ ૪૦ લાખની લાંચ લેવાનો આક્ષેપ કર્યો છે.

આ કૌભાંડની તપાસ માટે અમે મયુર તડવીના ઘરે પહોચ્યા હતા. જેમાં જાણવામળ્યું કે પીએસઆઇ મયુર તડવીનું ડભોઇ પોલીસ સ્ટેશનમાં વેરિફિકેશન નથી થયું. ૨૦૨૧ની સાલમાં ખાનગી નોકરી માટે મયુર તડવીએ ચાલ ચલકતનો દાખલો લીધો હતો. મયુર તડવી ડભોઇના ધર્માપુરા ગામે રહે છે. ગઈકાલે રાત્રથી જ મયુર તડવીના ઘરે તાળું છે. યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ત્યારે ફરી એકવાર ગુજરાત પોલીસની છબી ખરડાઈ છે. કરાઈ પોલીસ એકેડમીમાં પીએસઆઈ જેવી ઉપલી કેડરમાં પણ ભરતી કૌભાંડ ચાલી રહ્યું છે.

# ગુજરાત સરકાર પર ૩.૨૦ લાખ કરોડનું દેવું, ગુજરાતમાં પ્રતિ વ્યક્તિ પર ૫.૧૧ લાખનું દેવું

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત પર ૩ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાથી પણ વધુનું દેવું છે.

ગુજરાત સરકારે વિધાનસભામાં બજેટ સત્રમાં ચર્ચા કરતા સમયે સરકારે ૨૩ હજાર કરોડ રૂપિયાથી વધુ વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું. રાજ્યમાં પ્રતિ વ્યક્તિ પર ૫૧૧૧૬૬ નું દેવું છે.

નાણામંત્રી નાણાપ્રધાન કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, નિયમો મુજબ રાજ્યો તેમના જીડીપીના ૨૭ ટકા ઉધાર લઈ શકે છે, જ્યારે ગુજરાતે માત્ર ૧૫ ટકા જ લીધું છે. રાજ્ય પર ૩ લાખ ૨૦૮૧૨ કરોડનું દેવું છે, વર્ષ ૨૦૨૧-૨૨માં સરકારે લોનના બદલામાં વિવિધ ધિરાણકર્તાઓને રૂપિયા ૨૩૦૬૩ કરોડનું વ્યાજ ચૂકવ્યું હતું. ગુજરાત સરકાર પર કેન્દ્ર સરકાર પાસેથી રૂપિયા ૯,૧૩૬ કરોડની ટેક્સની જવાબદારી છે.રાજ્યમાં પેટ્રોલ પર ૧૩.૭ ટકા ટેક્સ લાગે છે .

# જીપેરી કેમ્પસ ખાતે ભવ્ય સ્ટાર્ટ અપ પ્રદર્શનનું આયોજન

ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, મેવડ કોલેજ જીટીયુ સંચાલિત અને ઉત્તર ગુજરાતની જીટીયુ ઈનોવેશન અને સ્ટાર્ટ અપ પ્રાદેશિક સેલ ધરાવનાર એકમાત્ર સંસ્થા છે. કોલેજ દ્વારા આગામી ૪ માર્ચ ૨૦૨૩ (શનિવાર) ના રોજ જીટીયુ સ્ટાર્ટ અપ પ્રદર્શનનું આયોજન કોલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૮ થી ૧૧ ના શાળાના તેમજ ડિપ્લોમા અને ડિગ્રી એન્જિનિયરિંગના રસ ધરાવતા તમામ વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ પ્રદર્શનમાં આવનાર વિદ્યાર્થીઓ માટે એક પરિચય સત્ર અને SSIP-૨ (વિદ્યાર્થી સ્ટાર્ટ અપ અને



ઈનોવેશન પોલિસી) વિશે ટૂંકમાં માહિતી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં GISC પ્રાદેશિક કેન્દ્ર દ્વારા નવીન વિચાર ઉત્પાદનમાં પરિવર્તિત થઈ શકે છે એ વિષે પૂરી પાડવામાં આવતી સુવિધાઓ વિષે માહિતી આપવામાં આવશે. આ સમગ્ર પ્રદર્શનનું આયોજન પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. સંપર્ક નંબર :- ૯૧૯૦૩૩૯૯૨૨૭૩

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.